
# પ્રાચીન સ્તવનાવલી

૪

## શ્રી અભિનંદન સ્વામી





# નમસ્કાર મહામંત્ર મહિમા

સમરો મંત્ર ભલો નવકાર,
એ છે ચૌદ પૂર્વનો સાર;
એના મહિમાનો નહિ પાર,
એનો અર્થ અનંત અપાર.૧
સુખમાં સમરો, દુઃખમાં સમરો,
સમરો દિન ને રાત;
જીવતા સમરો, મરતાં સમરો,
સમરો સૌ સંગાથ.૨
જોગી સમરે ભોગી સમરે,
સમરે રાજા રંક;
દેવો સમરે, દાનવ સમરે,
સમરે સૌ નિશંક.૩
અડસઠ અક્ષર એના જાણો,
અડસઠ તીરથ સાર;
આઠ સંપદાથી પરમાણો,
અડસિદ્ધિ દાતાર.૪
નવ પદ એના નવનિધિ આપે,
ભવોભવનાં દુઃખ કાપે;
"ચંદ્ર" વચનથી હૃદયે વ્યાપે,
પરમાતમ પદ આપે.૫

# પ્રાચીન સ્તવનાવલી

## ૪

## શ્રી અભિનંદન સ્વામી

**: પ્રાપ્તિ સ્થાન :**

શ્રી હસમુખભાઈ ચુડગર
૨૦૨-૨૦૩, ચીનુભાઈ સેન્ટર,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

પ્રત : ૧૦૦૦ મૂલ્ય : શ્રદ્ધા ભક્તિ

# પ્રાસ્તાવિક

પરમાત્મ ભક્તિનાં અજોડ આલંબને જીવ બાહ્યદશાથી મુકત થઈ અંતરાત્મદશા દ્વારા પરમાત્મ દશાને સહજતાથી પામી શકે છે. પૂર્વ મહાપુરૂષોએ ભક્તિના ક્ષેત્રે જે કૃતિઓનું યોગદાન કર્યું છે. તે પૈકી પ્રત્યેક જીનેશ્વર દેવોનાં પ્રાચીન લગભગ બધાજ પ્રાપ્ય સ્તવનોનો સ્વતંત્ર રીતે જુદી જુદી આ લઘુ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

આ સ્તવનોનાં રચયિતાઓએ પરમાત્મ ભક્તિની જે મસ્તિ માણી છે તેનો યત્કિંચિત રસાસ્વાદ પ્રાપ્ત કરવા આ પુસ્તિકાનો ઉપયોગ કરીશું તો અર્થગાંભીર્ય યુક્ત આ પ્રભુભક્તિ-આત્મિક શક્તિ પ્રગટાવી મુક્તિને નજીક લાવવામાં સહાયક થશે.

ગચ્છાધિપતિ આચાર્ય વિજય
રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા) ના
ગુરૂકૃપાકાંક્ષી શિષ્ય જગચ્ચન્દ્રસૂરિ

# પ્રભુભક્તિ

પ્રભુને રોજ ભજવા છતાં આનંદની મસ્તિ અનુભવાતી નથી તેનું કારણ પરમાત્માને ઓળખવામાં હજી આપણે ઉણા ઉતર્યા છીએ ગતાનુગતિકતાથી નહિ વાસ્તવિકતાથી પરમાત્માનું દર્શન કરીશું તો પરમાત્મભક્તિથી શક્તિ આપણને આનંદઘન બનાવી દેશે.

આ જીવે સંસારના પ્રત્યેક પદાર્થો પાછળ આંસુ પાડયા હશે તે આંસુઓ સાગરના પાણીથી પણ વધી જાય પરંતુ તે આંસુની કોઈ કિંમત નથી. પ્રભુભક્તિ-પ્રભુરાગ પાછળ બે આંસુ પણ પડી જશે તો પ્રથમના બધા આંસુના સરવાળાને ટપી જશે તે ભક્તિથી આત્માની મુક્તિ નજીક આવી જશે.

ગચ્છાધિપતિ આચાર્ય વિજય
રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા)

## અનુક્રમણિકા


| ચૈત્યવંદન | કર્તા | પાના નં. |
|---|---|---|
| ચવ્યા જયંત વિમાનથી | શ્રી વીરવિજયજી | ૧ |
| નંદન સંવર રાયનો | શ્રી પદ્મવિજયજી | ૧ |
| જયંત વિમાન થકી ચવ્યા | શ્રી જ્ઞાનવિમલજી | ૨ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| અભિનંદન સ્વામી હમારા | શ્રી વીરવિજયજી | ૨ |
| અભિનંદનજિન ! દરિસણ | શ્રી આનંદઘનજી | ૩ |
| દીઠી હો ! પ્રભુ ! દીઠી | શ્રી યશોવિજયજી | ૪ |
| શેઠ સેવો રે અભિનંદન દેવ | શ્રી યશોવિજયજી | ૫ |
| અભિનંદન ચંદન શીતલ | શ્રી યશોવિજયજી | ૬ |
| સાહિબા મ્હારા ! અભિનંદન | શ્રી ભાણવિજયજી | ૭ |
| અભિનંદન આગળ રહી રે, કર | શ્રી આણંદવર્ધનજી | ૮ |
| આણા વહીયેં રે ચોથા | શ્રી લક્ષ્મીવિમલજી | ૯ |
| પ્રભુ ! મુજ (તુજ) દરિશન | શ્રી માનવિજયજી | ૧૦ |
| અભિનંદન ! જિનરાજ ! | શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજી | ૧૧ |
| શ્રી અભિનંદનો રે, ચોથો | શ્રી ભાવવિજયજી | ૧૨ |
| સંવર-નંદન શ્રી અભિનંદન | શ્રી વિનયવિજયજી | ૧૩ |
| અભિનંદનસોં નેહ હમારે | શ્રી શ્રી હરખચંદજી | ૧૩ |
| અભિનંદન અરિહંતજી | શ્રી નયવિજયજી | ૧૪ |
| સખી ! મોંને દેખણ દેઈ ! | શ્રી ઋષભસાગરજી | ૧૫ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| સિદ્ધારથાના સુતના પ્રેમે | શ્રી ઉદયરત્નજી | ૧૬ |
| અભિનંદન જિનવર સુણો | શ્રી જિનવિજયજી | ૧૬ |
| અભિનંદન આણંદમાં અતિશય | શ્રી જિનવિજયજી | ૧૭ |
| તુજ ગુણ-કમળ-પરાગ સુગંધી | શ્રી હંસરત્નજી | ૧૮ |
| અકળ-કળા અ-વિરૂદ્ધ | શ્રી મોહનવિજયજી | ૧૯ |
| સંવર રાયના નંદના રે લો | શ્રી રામવિજયજી | ૨૦ |
| શ્રી અભિનંદન-સ્વામીને રે | શ્રી રામવિજયજી | ૨૧ |
| રાગ ઉદયગિરિ ઉગિયો | શ્રી કાંતિવિજયજી | ૨૨ |
| જૈનકો મારગ મસ્ત હે | શ્રી ન્યાયસાગરજી | ૨૩ |
| અભિનંદનજીન વંદીએ | શ્રી ન્યાયસાગરજી | ૨૩ |
| સુંદર અભિનંદન જિનરાજની | શ્રી પદ્મવિજયજી | ૨૪ |
| તુમ્હે જોજ્યો જોજ્યો રે | શ્રી પદ્મવિજયજી | ૨૫ |
| ત્રિભુવનનાયક લાયકો | શ્રી વિજયલક્ષ્મીસૂરિજી | ૨૬ |
| શ્રી અભિનંદન જગનો તારૂ | શ્રી કીર્તિવિમલજી | ૨૭ |
| અભિનંદન જિન દેવ | શ્રી દાનવિમલજી | ૨૭ |
| શ્રી અભિનંદન જિન તાહરી | શ્રી વિનીતવિજયજી | ૨૮ |
| તેરે નેનોંકી મેં બલિહારી | શ્રી અમૃતવિજયજી | ૨૯ |
| અભિનંદન અવધારીયે | શ્રી પ્રમોદસાગરજી | ૨૯ |
| પ્રભુજી ! અભિનંદન જગનાથ | શ્રી ભાણચંદ્રજી | ૩૦ |
| અભિનંદન અરિહંતજી રે લોલ | શ્રી ખુશાલમુનિજી | ૩૧ |
| મુખ મટકે જગ મોહી રહ્યો રે | શ્રી ચતુરવિજયજી | ૩૨ |
| ક્યું જાણું ક્યું બની આવહી | શ્રી દેવચંદ્રજી | ૩૩ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| અભિનંદન અરિહંતજી રે લોલ | શ્રી જીવણવિજયજી | ૩૪ |
| અભિનંદન જિનરાયની-ભવિ | શ્રી દાનવિજયજી | ૩૫ |
| અભિનંદન-જિન વંદના એ | શ્રી મેઘવિજયજી | ૩૬ |
| નિરમલ-નાણ ગુણે કરીજી | શ્રી કેશરવિમલજી | ૩૭ |
| કર જોડી કરું વિનતી રે લો | શ્રી કનકવિજયજી | ૩૮ |
| મોરા પ્રભુ ! હો ! મોરા | શ્રી રૂચિરવિમલજી | ૩૯ |
| અભિનંદન-ચંદન નવો | શ્રી ભાવપ્રભસૂરિજી | ૪૦ |
| ચોથો જિનપતિ હો ! કે | શ્રી રતનવિજયજી | ૪૧ |
| પ્રભુજી અભિનંદન જિનરાજ ! | શ્રી માણેકમુનિજી | ૪૩ |
| પરમ-નિરંજન પરમ-સનેહી | શ્રી દીપવિજયજી | ૪૪ |
| હિવ અભિનંદણ નયણ | શ્રી ધર્મકીર્ત્તિગણિ | ૪૫ |
| હિમવત ગિરિ સિરિ | શ્રી સ્વરૂપચંદજી | ૪૭ |
| તારો મોહે સ્વામી | શ્રી ગુણવિલાસજી | ૪૮ |
| અભિનંદન જગવંદન | શ્રી જગજીવનજી | ૪૯ |
| મેરો પ્રભુ ! સેવકકું | શ્રી જિનહર્ષજી | ૪૯ |
| પ્રભુ ! તેરે નયનકી હું | શ્રી યશોવિજયજી | ૫૦ |
| સમવસરણ જિનરાજ વિરાજેં | શ્રી યશોવિજયજી | ૫૧ |

| થોય | કર્તા | પાના નં. |
|---|---|---|
| સંવર સુત સાચો | શ્રી પદ્મવિજયજી | ૫૨ |
| અભિનંદન ગુણ માલિકા | શ્રી વીરવિજયજી | ૫૨ |

## ચૈત્યવંદન વિધિ

### (નીચે મુજબ પ્રથમ ઈરિયાવહિ કરવી)

### • ઈચ્છામિ ખમાસમણ સૂત્ર •

ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ,
નિસીહિઆએ, મત્થએણ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા દેવાધિદેવ પરમાત્માને તથા પંચમહાવ્રતધારી સાધુ ભગવંતોને વંદન થાય છે.

### • ઈરિયાવહિયં સૂત્ર •

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈરિયાવહિયં પડિક્કમામિ ? ઈચ્છં, ઈચ્છામિ પડિક્કમિઉં ૧. ઈરિયાવહિયાએ, વિરાહણાએ ૨. ગમણાગમણે ૩. પાણક્કમણે બીયક્કમણે હરિયક્કમણે, ઓસાઉત્તિંગપણગ દગ, મટ્ટી મક્કડા સંતાણા સંકમણે ૪. જે મે જીવા વિરાહિયા,, ૫. એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ૬. અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓઠાણં, સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં ૭.

**ભાવાર્થ :** આ સૂત્રથી હાલતા-ચાલતા જીવોની અજાણતા વિરાધના થઈ હોય કે પાપ લાગ્યા હોય તે દૂર થાય છે.

### • તસ્સ ઉત્તરી સૂત્ર •

તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહિકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ઈરિયાવહિયં સૂત્રથી બાકી રહેલા પાપોની વિશેષ શુદ્ધિ થાય છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં ૨. એવંમાઈએહિં આગારેહિં અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો ૩. જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ૪. તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૫.

**ભાવાર્થ :** આ સૂત્રમાં કાઉસગ્ગના સોળ આગારનું વર્ણન તથા કેમ ઉભા રહેવું તે બતાવેલ છે.

(પછી એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધીનો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો, પછી પ્રગટ લોગસ્સ કહેવો)

## ● લોગસ્સ સૂત્ર ●

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઈસ્સં, ચઉવિસંપિ કેવલી ૧. ઉસભમજિઅંચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈ ચ; પઉમપ્પહં સુપાસં, જિણંચચંદપ્પહં વંદે ૨. સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિ ચ વંદામિ ૩. કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠનેમિ, પાસં તહ વદ્ધમાણં ચ ૪. એવં મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જરમરણા; ચઉવિસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ૫. કિત્તિય-વંદિય મહિયા, જેએ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરૂગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિન્તુ. ૬. ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા, સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭.

**ભાવાર્થ :** આ સૂત્રમાં ચોવીસ તીર્થંકરોની નામપૂર્વક સ્તુતિ કરવામાં આવી છે.

(પછી ત્રણ ખમાસમણ દઈ, ડાબો
પગ જમીન ઉપર સ્થાપીને હાથ જોડી)

**ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ઈચ્છં કહી સકલકુશલ કહી ચૈત્યવંદન કરવું.**

સકલ કુશલ વલ્લિ - પુષ્કરાવર્ત મેઘો,
દુરિત તિમિર ભાનું : કલ્પવૃક્ષોપમાન :
ભવજલનિધિ પોત : સર્વ સંપત્તિ હેતું :,
સ ભવતુ સતતં વ:
શ્રેયસે શાન્તિનાથ : શ્રેયસે પાર્શ્વનાથ :

**(આ પછી પુસ્તકમાંથી ચૈત્યવંદન બોલવું)**

## ● જંકિંચિ સૂત્ર ●

જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;
જાઈં જિણબિંબાઈં, તાઈં સવ્વાઈં વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ત્રણે લોકમાં વિદ્યમાન નામ રૂપી તીર્થો અને જિન પ્રતિમાઓને નમસ્કાર કરવામાં આવેલ છે.

## ● નમુત્થુણં સૂત્ર ●

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં. ૧. આઈગરાણં તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં, ૨. પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરિઆણં, પુરિસવરગંધહત્થીણં. ૩. લોગુત્માણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં. ૪. અભયદયાણં, ચકખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, ૫. ધમ્મદયાણં,

ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંત-ચક્કવટ્ટીણં. ૬. અપ્પડિહયવરનાણ - દંસણધરાણં, વિયટ્ટ-છઉમાણં. ૭. જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં; બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં. ૮. સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવમયલ મરૂઅ - મણંત મક્ખય મવ્વાબાહ - મપુણારાવિત્તિ - સિદ્ધિ ગઈ નામધેયં, ઠાણં સંપત્તાણં, નમો જિણાણં, જિઅભયાણં. ૯. જે અ અઈયા સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે; સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦.

**ભાવાર્થ :** આ સૂત્રમાં અરિહંત પરમાત્માના ગુણોનું વર્ણન છે. અને ઈન્દ્ર મહારાજા પ્રભુની સ્તુતિ કરતી વખતે આ સૂત્ર બોલે છે.

## ● જાવંતિ ચેઈઆઈ સૂત્ર ●

(ફક્ત પુરૂષોએ બે હાથ ઉંચા કરીને બોલુવું)

જાવંતિ ચેઈઆઈ. ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ;
સવ્વાઈ તાઈ વંદે, ઈહ સંતો તત્થ સંતાઈ.

**ભાવાર્થ :** આ સૂત્રદ્વારા ત્રણે લોકમાં રહેલી જિન પ્રતિમાજીઓને નમસ્કાર કરવામાં આવે છે.

ઈચ્છામિ ખમાસમણો વંદિઉ જાવણિજ્જાએ
નિસિહિઆએ મત્થએણ વંદામિ.

## ● જાવંત કેવિ સાહૂ સૂત્ર ●

જાવંત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ;
સવ્વેસિં તેસિં, પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં.

ભાવાર્થ : આ સૂત્રમાં ભરત, ઐરાવત અને મહાવિદેહ ત્રણેય ક્ષેત્રમાં વિચરતાં સર્વે સાધુ સાધ્વી ભગવંતોને નમસ્કાર કરવામાં આવે છે.

(નીચેનું સૂત્ર ફકત પુરૂષોએ બોલવું)

## ● નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય : ●

ભાવાર્થ : આ સૂત્રમાં પંચપરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યો છે.

**(આ પછી આ પુસ્તકમાંથી સુંદર અને ભાવવાહી સ્તવનોના સંગ્રહમાંથી કોઈપણ એક સ્તવન ગાવું.)**

**(બે હાથ ઉંચા કરીને બોલવું / બહેનોએ હાથ ઉંચા કરવા નહીં)**

## ● જય વીયરાય સૂત્ર ●

જય વીયરાય ! જગગુરૂ ! હોઉં મમં તુહ પભાવઓ ભયવં !
ભવનિવ્વેઓ મગ્ગા-ણુસારિઆ ઈઠ્ઠફલસિદ્ધી.......૧
લોગવિરૂદ્ધચ્ચાઓ, ગુરૂજણપૂઆ, પરત્થકરણં ચ;
સુહુગુરૂજોગો તવ્વયણ-સેવણા આભવમખંડા......૨

(બે હાથ નીચે કરીને)

વારિજ્જઈ જઈવિ નિથાણ-બંધણં વીયરાય ! તુહ સમયે ;
તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાંણ......૩
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ;
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં......૪
સર્વ-મંગલ-માંગલ્યં, સર્વ કલ્યાણકારણમ્;

પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્.......૫

**ભાવાર્થ : આ સૂત્રમાં પ્રભુ પાસે ઉત્તમ પ્રકારની પ્રાર્થના કરવામાં આવી છે.**

(પછી ઉભા થઈને)

## ● અરિહંતચેઈઆણં સૂત્ર ●

અરિહંતચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ૧. વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગવત્તિઆએ ! ૨ સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં.૩

**ભાવાર્થ : આ સૂત્રમાં જ્યાં ચૈત્યવંદન કરતા હોઈએ તે દેરાસરની તમામ પ્રતિમાઓને વંદન કરવામાં આવે છે.**

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ. ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં. ૨ એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ હુજ્જમે કાઉસ્સગ્ગો. ૩ જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૪

(કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને)

**નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય :**

**(આ પછી પુસ્તકમાંથી થોય કહેવી)**

# શ્રી અભિનંદન સ્વામીના ચૈત્યવંદન

## શ્રી વીરવિજયજી કૃત ચૈત્યવંદન

ચવ્યા જયંત વિમાનથી, અભિનંદન જિન ચંદ;
પુનર્વસુમાં જનમિયા, રાશિ મિથુન સુખકંદ....॥૧॥

નયરી અયોધ્યાનો ધણી, યોનિવર મંજાર;
ઉગ્ર વિહારે તપ તપ્યા, ભૂતલ વરસ અઢાર....॥૨॥

વળી રાયણ પાદપાતલેએ, વિમલ નાણ ગણદેવ;
મોક્ષ સહસ મુનિશું ગયા, **વીર** કરે નિત્ય સેવ....॥૩॥

## શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્યવંદન

નંદન સંવર રાયનો, ચોથા અભિનંદન;
કપિ લંછન વંદન કરો, ભવદુઃખ નિકંદન....॥૧॥

સિદ્ધારથા જસ માવડી, સિદ્ધારથ જિન રાય;
સાડા ત્રણશેં ધનુષમાન, સુંદર જસ કાય....॥૨॥

વિનીતા વાસી વંદિયે એ, આયુ લખ પચાસ;
પૂરવ તસ પદ **પદ્મને**, નમતાં શિવપુર વાસ....॥૩॥

## श्री ज्ञानविमलजी कृत चैत्यवंदन

જયંત વિમાન થકી ચવ્યા, અભિનંદન રાયા;
વૈશાખ સુદિ ચોથિ માઘ, સુદિ બીજે જાયા....॥૧॥
મહાસુદિ બારશે ગ્રહીય દીક્ષા, પોષ સુદિ ચઉદશ;
કેવળ સુદિ વૈશાખની, આઠમે શિવસુખ રસ....॥૨॥
ચોથા જિનવરને નમીએ, ચઉગતિ ભ્રમણ નિવાર;
**જ્ઞાનવિમલ** ગણપતિ કહે, જિન ગુણનો નહીં પાર....॥૩॥

# શ્રી અભિનંદન સ્વામીના સ્તવન

## કર્તા : શ્રી વીરવિજયજી મ.

### (અભિનંદન સ્વામી હમારા)

**અભિનંદન સ્વામી હમારા, પ્રભુ ભવ દુઃખ ભંજણહારા;**
યે દુનિયા દુઃખ કી ધારા, પ્રભુ ઈનસે કરો નિસ્તારા.અભિ.૧
હું કુમતિ કુટિલ ભરમાયો, દુરિત કરી દુઃખ પાયો;
અબ શરણ લીયો હે થારો, મુજે ભવજલ પાર ઉતારો.અભિ.૨
પ્રભુ શીખ હૈયે નવિ ધારી, દુર્ગતિમાં દુઃખ લીયો ભારી;
ઈન કર્મો કી ગતિ ન્યારી, કરે બેર બેર ખુવારી.અભિ.૩

તુમે કરૂણાવંત કહાવો, જગતારક બિરૂદ ધરાવો;
મેરી અરજીનો એક દાવો, ઈણ દુઃખસે ક્યું ન છુડાવો.અભિ..૪
મેં વિરથા જનમ ગુમાયો, નહીં તન ધન સ્નેહ નિવાર્યો;
અબ પારસ પરસંગ પામી, નહીં **વીરવિજયકું** ખામી.અભિ.૫

## કર્તા : શ્રી આનંદઘનજી મ.

**(રાગ ધન્યાશ્રી-સિંધુઓ; આજ નિ જોરે દીસેં નાહલો-એ દેશી)**

**અભિનંદનજિન** ! દરિસણ[૧] તરસીયેં, દરિસણ દુર્લભ દેવ ! ।
મત[૨]-મત-ભેદે રે જો જઈ પૂછીયેં, સહુ થાપે "અહમેવ"[૩]-અ૦॥૧॥
સામાન્યે[૪] કરી દરિસણ દોહિલું, નિર્ણય[૫] સકળ વિશેષ ।
મદમેં [૬] ઘેર્યો રે અંધો કિમ કહે ? રવિ-શશિ-રૂપ-વિલેષ[૭],-અ૦॥૨॥
હેતુ-વિવાદે હો ચિત્ત ધરી જોઈયેં, અતિ-દુર્ગમ નય-વાદ ।
આગમ-વાદે હો ગુરૂ-ગમ કો નહીં, એ સબળો વિષવાદ-અ૦॥૩॥
ઘાતી-ડુંગર આડા અતિઘણા, તુજ દરિસણ જગનાથ ! ।
ધીઠાઈ[૮] કરી મારગ સંચરૂં, સેંગૂ[૯] કોઈ ન સાથ-અ૦॥૪॥
"**દરિસણ**"-"દરિસણ" રટતો જો ફિરૂં, તો રણ-રોઝ સમાન ।
જેહને પિપાસા હો અમૃત-પાનની, કિમ ભાંજે વિષ-પાન-અ૦॥૫॥
**તરસ**[૧૦]ન આવે હો મરણ-જીવનતણો, સીઝેં જો દરિસણ કાજ ।
**દરિસણ** દુર્લભ, સુલભ કૃપા થકી, **આનંદઘન** મહારાજ-અ૦॥૬॥

---

૧. સમ્યગ્દર્શન ૨. દરેક મત-મતાંતરવાળાને પૂછીએ ૩. પોતાની જ વાત સ્થાપે ૪. સામાન્યથી વસ્તુનું સાચું દર્શન દુર્લભ ૫. તેમાં પણ સઘળી વિચારધારામાંથી નિર્ણય કરવો તે ખૂબ દુર્લભ છે ૬. મદિરાના ઘેનમાં, ૭. તફાવતા, ૮. ધીઠાઈ = ખોટી હિમ્મત, ૯. હોંશિયાર ભોમિયો ૧૦. ત્રાસ

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

(સુણયો પ્રભુ-એ દેશી)

દીઠી હો ! પ્રભુ ! દીઠી જગ-ગુરૂ ! તુજ;
મૂરતિ હો ! પ્રભુ ! મૂરતિ મોહન[1]-વેલડીજી !
મીઠી હો ! પ્રભુ ! મીઠી તાહરી વાણી;
લાગે હો ! પ્રભુ ! લાગે જેસી શેલડીજી-દીઠી૦(૧)

જાણું હો ! પ્રભુ ! જાણું જનમ કયથ્થ[2],
જો હું હો ! પ્રભુ ! જો હું તુમ[3] સાથે(થ) મિલ્યોજી !
સુરમણિ[4] હો ! પ્રભુ ! સુરમણિ પામ્યો હથ્થ,
આંગણે હો ! પ્રભુ આંગણે મુજ સુરતરૂ[5] ફળ્યોજી-દીઠી૦(૨)

જાગ્યા હો ! પ્રભુ ! જાગ્યા પુણ્ય અંકુર:
માગ્યા હો ! પ્રભુ ! મ્હોં-માગ્યા પાસા ઢળ્યાજી !
વુઠ્યા હો ! પ્રભુ ! વુઠ્યા અમીય(રસ) મેહ;
નાઠા હો ! પ્રભુ ! નાઠા અશુભ શુભ-દિન વળ્યાજી-દીઠી૦(૩)

ભૂખ્યા હો ! પ્રભુ ! ભૂખ્યા મિલ્યા ઘૃતપુર[6]
તરસ્યાં હો ! પ્રભુ ! તરસ્યાં દિવ્ય[7]-ઉદક મિળ્યાંજી
થાક્યાં હો ! પ્રભુ ! થાક્યાં મિળી સુખપાલ,[8]
ચાહતાં હો ! પ્રભુ ! ચાહતાં સાજન[9] હેજેં હળ્યાજી-દીઠી૦(૪)

દીવો હો ! પ્રભુ ! દીવો નિશા વન ગેહ,
શાખી હો ! પ્રભુ ! શાખી[10] થળેં જળ નૌ[11] મિલિજી

કલિયુગે હો ! પ્રભુ ! કલિયુગે દુલહો તુજ્જ (તુજ),
દરિસણ હો ! પ્રભુ ! દરિસણ લહ્યું (લહી) આશા ફળીજી-દીઠી (૫)

**વાચક** હો ! પ્રભુ ! વાચક **જશ** તુમ દાસ,
વિનવે હો ! પ્રભુ ! વિનવે **અભિનંદન** સુણોજી
કહી (દી)યે હો ! પ્રભુ ! કહી (દી)યેં મ દેશ્યો છેહ[૧૨]
દેજો ! હો ! પ્રભુ ! દેજો ! સુખ દરિશણ-તણોજી (૬)

---

૧. સુંદર ફળ આપનાર તરીકે મનને લોભાવનાર વેલડી ૨. કૃતાર્થ = સફળ ૩. પ્રભુની સાથે બીજો અર્થ પ્રભુનો સાથ = સંપર્ક - સમાગમ ૪. ચિંતામણિ ૫. કલ્પવૃક્ષ ૬. ઘેવર ૭. દેવતાઈ પાણી-અમૃત ૮. સુંદર. સગવડભરી પાલખી ૯. સારા માણસો-કુટુંબીજનો ૧૦. ઝાડ ૧૧. નાવડી ૧૨. છૂટકારો = વિયોગ.

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (ગોડી ગાજે રે-એ દેશી)

શેઠ સેવો રે **અભિનંદન** દેવ, જેહની સારે રે[૧] સુરનર કિંનર સેવ
એહવો સાહિબ સેવે તેહ હજૂર, જેહનાં પ્રગટ કીધાં પુણ્ય[૨]-પંડૂર શેઠ૦(૧)

જેહ સુગુણ સનેહી સાહિબ હેજ[૩], દેવલીલાથી લહીયેં સુખ-સેજ
તૃણ સરખું લાગે સઘળે સાચ, તે આગળિ આવ્યું ધરણી રાજ -શેઠ૦(૨)

અલવે મેં પામ્યો તેહવો નાથ, તેહથી હૂં નિશ્ચય હુઓ રે સ-નાથ
વાચક **જશ** કહે પામી રંગ રેલિ[૪], માનું શીતળ અંગણડે સુરતરૂવેલી-શેઠ૦(૩)

---

૧. કરે છે ૨. નિર્મળ-પુણ્ય ૩. અંતરનો પ્રેમ ૪. દૃષ્ટિપાત્રથી

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

**અભિનંદન** ચંદન **શીતલ** વચન-વિલાસ,
સંવર-**સિદ્ધારથા**-નંદન[1] ગુણ મણિ-વાસ;
ત્રણસેં ધનુ પ્રભુ તનુ ઉપર અધિક પચાસ,
એક સહસશ્યું દીક્ષા લિયેં છાંડી ભવ[2]-પાશ....(૧)
કંચનવાન સોહેં વાનર લંછન સ્વામી,
પચાસ લાખ પૂરવ આયુ ધરે શિવગામી;
વર નયરી **અયોધ્યા** પ્રભુજીનો અવતાર,
**સમેતશિખરગિરિ** પામ્યા ભવનો પાર....(૨)
ત્રણ લાખ મુનીશ્વર તપ-જપ સંયમ સાર,
ષટ **લક્ષ** **છત્રીશ** સાધ્વીનો પરિવાર;
શાસનસુર ઈશ્વર સંઘનાં વિઘન નિવારેં,
**કાળી** દુઃખ ટાળી પ્રભુ-સેવકને તારેં....(૩)
તું ભવ-ભય-ભંજન જન-મન-રંજનરૂપ,
મન્મથ[3]-ગદ[4]-ગંજન[5] અંજન રતિ હિત-સરૂપ;
તું ભુવનેં[6] વિરોચન[7] ગત-શોચન જગ દીસે,
તુજ લોચન-લીલા લહી સુખ નિત દીસે....(૪)
તું દોલત-દાયક જગ-નાયક જગ-બંધુ,
જિનવાણી સાચ્ચી તે તરિયા ભવ-સિંધુ;
તું મુનિ-મન-પંકજ-ભમર અમર-નર રાય,
ઉભા તુજ સેવે બુધજન તુજ **જશ** ગાય....(૫)

---

૧. પુત્ર ૨. સંસારની જાળ ૩. કામદેવ ૪. રોગ ૫. હંફાવનાર ૬. જગતમાં સૂર્ય સમાન ૭. શોક વિનાના

## કર્તા : શ્રી ભાણવિજયજી મ.

**(સાહિબા મ્હારા ! મોહીરે મટકતી ચાલ રે જાવા નહીં નહીં દીઉં રે—એ દેશી)**

**સાહિબા મ્હારા ! અભિનંદન જિનરાય રે, સાહિબ૦ સાંભળો રે.**
સાહિબા મ્હારા ! સુરસેવિત તુમ પાય રે-સાહિબ૦
સાહિબા મ્હારા ! સેવક મનડાની વાત રે-સાહિબ૦
સાહિબા મ્હારા ! કહું તે સુણો અવદાત[1] રે-સાહિબ૦......(૧)

સાહિબા મ્હારા ! મોટા જનશું જે પ્રીતિ રે-સાહિબ૦
સાહિબા મ્હારા ! કરવી તે ખોટી રીત રે-સાહિબ૦
સાહિબા મ્હારા ! અમ મનમાં તું એક રે-સાહિબ૦
સાહિબા મ્હારા ! અમ સમ તુમને અનેક રે-સાહિબ૦......(૨)

સાહિબા મ્હારા ! નિરાગીશું નેહ રે-સાહિબ૦
સાહિબા મ્હારા ! છટકી દેવે છેહ[2] રે-સાહિબ૦
સાહિબા મ્હારા ! શી ધરવી પ્રીત તે સાથ રે-સાહિબ૦
સાહિબા મ્હારા ! તે નિફળ ગગને બાથરે-સાહિબ૦.....(૩)

સાહિબા મ્હારા ! પણ મોટાની જે સેવ રે-સાહિબ૦
સાહિબા મ્હારા ! નિષ્ફળ ન હોવે કદૈવ રે-સાહિબ૦
સાહિબા મ્હારા ! મુજ ઉપર ભગવાન રે-સાહિબ૦
સાહિબા મ્હારા ! તુમ્હે હોજયો મહિરબાન રે-સાહિબ૦.....(૪)

સાહિબા મ્હારા ! તપગછમાં શિરતાજ રે-સાહિબ૦
સાહિબા મ્હારા ! **શ્રી વિજય પ્રભસૂરિ રાજ** રે-સાહિબ૦
સાહિબા મ્હારા ! પ્રેમવિબુધ પસાય રે-સાહિબ૦
સાહિબા મ્હારા ! ભાણ નમે તુમ પાય રે-સાહિબ૦.....(૫)

---

૧. વિગત ૨. પ્રીતિ તોડવાની રીત

## કર્તા : શ્રી આણંદવર્ધનજી મ.

### (હઠીલા વયરીની-એ દેશી)

**અભિનંદન** આગળ રહી રે, કર જોડી કહું વાત રે,-વાલ્હેસર મોરા૦
પગે લાગી પ્રારથું રે, તુજ વિણ કુણ લહે ઘાત[૧] રે -વાલ્હેસર મોરા૦
સાર[૨] કરો પ્રભુ માહરીરે....(૧)

અંતર-ગતિ જાણે નહીં રે, ઢીલ કરે તે ન્યાય રે-વાલ્હેસર મોરા૦
તું તો ત્રિભુવન સાખીયો રે, મધ્યવરતી જિનરાય રે-વાલ્હેસરમોરા૦....(૨)

લક્ષ ચઉરાશી જીવના રે, જીવન બિરૂદ સંભાળ રે
લક્ષ-અપરાધી આપણો રે, આણંદ નયણે નિહાળ રે-વાલ્હેસર....(૩)

---

૧. માર્મિક વાત ૨. સંભાળ-દેખરેખ.

## કર્તા : શ્રી લક્ષ્મીવિમલજી મ.

### (પંથડો નિહાલું રે બીજા જિન તણો રે-એ દેશી)

આણા વહીયેં રે ચોથા જિનતણી રે, જિમ ન પડો સંસાર;
આણા-વિણ રે કરણી[1] સત કરે રે, નવિ પામે ભવ પાર;-આણા૦(૧)

જીવ[2]-લાખોપૂર્વ; સંયમ-તપ કરે રે, ઊર્ધ્વ-તુંડ[3] આકાશ[4];
શીતલ[5] પાણી રે હેમરતી[6] (ઋતુ) સહે રે, સાધેં યોગ-અભ્યાસ-આણા૦(૨)

દેવની પૂજા ભગતિ અતિ ઘણી રે કરતા દીસે વિશેષ,
આણા-લોપી જિન-મત-સ્થાપના રે, ન લહે આતમ[7] લેશ -આણા૦(૩)

આણા તાહરી રે ઉભય[8]-સ્વરૂપની રે, ઉત્સર્ગ ને અપવાદ;
વ્યવહાર શોભે રે નિશ્ચય-નય થકી રે, કિરિયા-જ્ઞાન સુવાદ-આણા૦(૪)

સુંદર જાણી રે નિજ-મતિ આચરે રે, નહિ સુંદર નિરધાર;
ઉત્તમ[9]-પાસે રે [10] મનીષી [11] પાધરી રે, જોજો ગ્રંથ-વિચાર-આણા૦(૫)

ધન તે કહિએ રે નર-નારી સદા રે, આસન્નસિદ્ધિક જાણ;
જ્ઞાતા શ્રોતા રે અનુભવી સંવરી રે, માને જે તુજ આણ-આણા૦(૬)

દોય કર જોડી માંગું એટલું રે, આણા ભવ-ભવભેટ;[12]
વાચક દીજે રે **કીરતિ** શુચિ પ્રભુ રે, આણા ભવ-લચ્છિ[13]-બેટ-આણા૦(૭)

---

૧. કરણી = ક્રિયા સત્ય = સાચી-સારી ૨. જીવરક્ષા = જયણા ૩. ઊંચું મુખ રાખી ૪. ઉઘાડામાં = ખુલ્લામાં ૫. ઠંડા પાણીમાં ૬. હેમંતઋતુ = શિયાળામાં ૭. આત્માની શુદ્ધિ ૮. અનેકાંતવાદમય ૯. ઉત્તમ-મહાપુરુષ પાસે ૧૦. બુદ્ધિશાળી ૧૧. પાધરી = સેવા કરનાર ૧૨. મિલન, સંયોગ ૧૩. સંસારલક્ષ્મીનો નાશ.

## કર્તા : ઉપા. શ્રી માનવિજયજી મ.

### (ઢાલ મોતીડાની-એ દેશી)

પ્રભુ ! મુજ (તુજ) દરિશન મળિયો અલવે[1]
મન થયો હવે હળવે-હળવે; સાહિબા ! **અભિનંદન**-દેવા ! મોહના **અભિનંદન**૦
પુણ્યોદય એ મોટો માહરો, અણચિંત્યો[2] થયો દરિશણ તાહરો-સાહિબા૦(૧)

દેખત[3] ખેવ હરી મન લીધું, કામણગારે કામણ કીધું-સાહિબા૦
મનડું જાયે નહી કોઈ પાસે, રાત-દિવસ રહે તારી પાસે-સાહિબા૦(૨)

પહિલું તો જાણ્યું હતું સોહિલું, પણ મોટાશું હિળવું[4] દોહિલું-સાહિબા૦
સોહિલું જાણિ મનડું વળગું, થાય નહિ હવે કીધું અળગું-સાહિબા૦(૩)

રૂપ દેખાડી હોએ અ-રૂપી, કિમ ગ્રહિવાયેં ? અ-કળ સરૂપી-સાહિબા૦
તાહરી ઘાત[5] ન જાણી જાયે, કહો મનડાની શી ગતિ થાયે ?—સાહિબા૦(૪)

પહિલાં જાણી પછે કરે કિરિયા, તે પરમારથ સુખના દરિયા--સાહિબા૦
વસ્તુ અ-જાણ્યે મન દોડાવે, તે તો મૂરખ બહુ પસ્તાવે-સાહિબા૦(૫)
તે માટે તું રૂપીઅ-રૂપી, તું શુદ્ધ-બુદ્ધ ને સિદ્ધ-સરૂપી-સાહિબા૦
એક સરૂપ ગ્રહીઉં જબ તાહરૂં, તવ ભ્રમ-રહિત થયું મન માહરૂં-સાહિબા૦(૬)
તુજ ગુણ-જ્ઞાન ધ્યાનમાં રહીયેં, ઈમ હિળવું પણ સુલભ જ કહીયેં-સાહિબા૦
**માનવિજય**-વાચક પ્રભુ-ધ્યાને, અનુભવ-રસમાં હળિયો ઇક તાને-સાહિબા૦(૭)

---

૧. રીતસર-પદ્ધતિપૂર્વક ૨. અચાનક ૩. જોતાંની સાથે જ ૪. મળવું ૫. અંદરની વાત-પદ્ધતિ.

## કર્તા : પૂ. આ. શ્રી જ્ઞાનવિમલસૂરિ મ.

(રામચંદ્રકે બાગ ચાંપો મોરી રહ્યોરી-એ દેશી)

**અભિનંદન** ! જિનરાજ ! આણી ભાવ ઘણોરી,
પ્રણમું તુમચા પાય, સેવક કરિ અપણોરી;
ભવ-ભય-સાગર તાર ! સાહિબ ! સુહામણોરી,
સુરતરૂ જાસ પ્રસન્ન, કિમ હોયે તે દુમણોરી.[1].....(૧)

ભગત-વછલ જિનરાજ, શ્રવણે જેહ સુણ્યોરી,
તેહશ્યું ધર્મ-સનેહ, સહજ-સુભાવ બન્યોરી;
ઉપશમવંત[2] અથાહ,[3] તોહી મોહ હણ્યોરી,
રતિપતિ[4] દુર્ધર[5] જેહ, દુશ્મન તે ન ગણ્યોરી.....(૨)

**સંવર**-નૃપનો જાત, **સંવર** જેહ ધરેરી,
અચરિજ શું તેહમાંહિ કુળ-આચાર કરેરી;
કીરતિકન્યા જાસ, ત્રિભુવનમાંહી ફિરેરી,
પરવાદી-મત માન, તાસુ તેહ હરેરી.....(૩)

અખય લહે ફળ તેહ, જેહશું[6] હેજ વહેરી,
દોહગ દુરગતિ દુઃખ, દુશમન ભીતિ દહેરી;
ભવ-ભવ સંચિત પાપ, ક્ષણમાં તેહ હરેરી,
ઈમ મહિમા મહિમાંહિ[7], સર્વથી કેમ કહેરી ?.....(૪)

સાયર ભલિઉં બિંદુ, હોયે અખય પણેરી,
તિમ વિનતી સુ-પ્રમાણ, સાહિબ જેહ સુણેરી;

અનુભવ-ભુવને નિવાસ, આપો હેજ ઘણેરી,
**જ્ઞાનવિમલ**-સુપ્રકાશ, પ્રભુ-ગુણરાશ થુણેરી.....(૫)

૧. ઉદાસ ૨-૩. અપૂર્વ સમતાવંત છતાં પણ મોહનો નાશ કર્યો ૪. કામદેવ ૫. પ્રબળ ૬. અંતરનો પ્રેમ ૭. જગતમાં

## કર્તા : પૂ. શ્રી ભાવવિજયજી મ.

### (રાગ-પરજીયો-મનોહર હીરજી-એ દેશી)

**શ્રી અભિનંદનો** રે, ચોથો જિનવર નમીયે
**સિદ્ધારથાનો**[૧] નંદન થુણતાં, સકળ દુઃખ નિગમીયે,
હાં હો સિદ્ધિપુરીમાં રમીયે—શ્રી અભિનંદનો રે૦....(૧)

વંશઈક્ષાગ[૨]-પયોનિધિ-શશધર, નયરી **વિનીતા** ભૂપો
**સંવર**[૩]-સુત વર સંવરદાઈ, પ્રભુજી અદ્‌ભુત-રૂપો-શ્રી૦....(૨)

**ધનુષ** અઉઠ[૪]-શત ઉન્નત મનોહર, કંચનવાન શરીરો
કપિલંછિત-મન-વંછિત-પૂરણ, દુરમત[૫] રેણુ સમીરો-શ્રી૦....(૩)

શાસનસુર **યક્ષ નાયક** નામે, **કાળી** દેવી રાજે
પૂરવ લાખ પચાસ આઉખું, ભોગવ્યું જે જિનરાજે-શ્રી૦....(૪)

પરમ-પુરૂષ પુરષોત્તમ તે પ્રભુ, કર્મ-બંધ સવિ છોડો
**ભાવવિજય મુનિ** પભણે મુજને, શિવ-સુખ સાથે જોડો-શ્રી૦....(૫)

૧. પ્રભુજીની માતાનું નામ ૨. ઈક્ષ્વાકુવંશરૂપ સમુદ્રમાં ચંદ્ર સમાન ૩. પ્રભુજીના પિતાનું નામ ૪. સાડા ત્રણસો ૫. કુમતરૂપ ધૂળને હઠાવવા પવન સમાન.

## કર્તા : પૂ. શ્રી વિનયવિજયજી મ.

(રાગ આસાઉરી-આજ આણંદ ભયો તપગચ્છમાં—એ દેશી)

**સંવર**[1]-નંદન શ્રી **અભિનંદન**, ચંદન શીતલ વાણી રે
કેશર અગર કપૂરે પૂજો, ભાવ-ભગતિ મન આણી રે-સંવર૦..(૧)
દ્વેષ નિવારો ! રાગ મ ધારો ! એ છે દુઃખની ખાણી રે
વીતરાગના ચરણ આરાહો,[2] પાર લહો જિમ પ્રાણી રે-સંવર૦..(૨)
**સિદ્ધારથા**[3]-કુંઅરની સેવા, મુગતિ હેત ઈમ જાણી રે
તન મન વચન વિમલ કરી વંદો, **વિનય** વદે ઈમ વાણી રે-સંવર૦..(૩)

---

૧. ચોથા તીર્થંકરના પિતાનું નામ છે. ૨. આરાધો ૩. ચોથા તીર્થંકરની માતાનું નામ છે.

## કર્તા : શ્રી હરખચંદજી મ.

(રાગ વેલાઉલ)

**અભિનંદનસો**[1] નેહ હમારે, અભિનંદસો નેહ
નિશ-દિન મનમાંહી જ્યું જૈસેં, ચાતક મન મેહ -હમારે અભિ૦.....(૧)
જ્યું મધુકર[2] મન માલતી હો, જ્યું શશિ[3]-કુમુદ સનેહ
જ્યું ગજ મન રેવા[4] નદી, તૈસેં મુજ મન પ્રભુ એહ -હમારે અભિ૦.....(૨)
જન્મનગરી **અયોધ્યાપુરી**, જસુ પિતા **સંવર** ગુણ-ગેહ
માતા સિદ્ધારથારાની, કપિ લંછન ચરનેહ- હમારે અભિ૦.....(૩)
લાખ પચાસ પૂરવકો હો, આયુ પ્રમાણ મુણેહ
વંશ ઈક્ષ્વાગે દીપતો, સાઢી તીનસે ધનુ દેહ-હમારે અભિ૦.....(૪)

દેવ જિકે[5] દૂષણ-ભરે, મો[6]દિલ[7] નહીં આવે તેહ
**હરખચંદ**કે સાહિબા, નિકલંક નિરાકૃત રેહ હમારે અભિ૦.....(૫)

૧. થી ૨. ભમરો ૩. ચંદ્ર ૪. નર્મદા ૫. જે કોઈ ૬. મારા ૭. મનમાં

## કર્તા : શ્રી નયવિજયજી મ.

## (નિંદરડી વેરણ હોઈ રહી-એ દેશી)

**અભિનંદન** અરિહંતજી, અવધારો હો સેવક અરદાસ તે,
દાસ જાણી મુજ દીજીયે, મનવંછિત હો સુખલીલ વિલાસ -કે-અભિ૦(૧)
પૂરવ પુણ્યે પામીઓ, સુખકારણ હો જગતારણદેવ કે,
સેવક જાણી સાહિબા, હવે સફળી હો કીજે મુજ સેવ કે-અભિ૦(૨)
**સેવક-જનની સેવના, પ્રભુ જાણો હો મન નાણો કેમ કે,**
બૂઝો પણ રીઝો નહિ, એકાંગી હો કિમ હોયે ? પ્રેમ કે-અભિ૦(૩)
સામાન્ય જનની ચાકરી, [1] સહી સફળી હો હોયે વિસવા[2] વીશ કે;
પ્રભુસરિખાની સેવના, કિમ થાયે હો વિફળી[3] ? જગદીશ કે-અભિ૦(૪)
સેવક જે સેવે સદા, તે પામે હો જો વંછિત કામ કે;
સેવક સુખીએ પ્રભુ તણી, સહી વાધે હો જગમાંહિ મામ[4] કે-અભિ૦(૫)
સાહિબ તે સાચો સહી, જે સેવક હો કરે આપ-સમાન કે;
ભોળી ભગતે રીઝીને, જે આપે હો મન વંછિત દાન કે-અભિ૦(૬)
ઈમ બહુ ભગતે વિનવ્યો, જગજીવન હો **અભિનંદન** દેવ કે;
**નયવિજય** કહે સાહિબા, મુજ હોજ્યો હો ભવ-ભવ તુજ સેવ કે-અભિ૦(૭)

૧. એકતરફી ૨. ચોક્કસ ૩. નકામી ૪. મહિમા

## કર્તા : શ્રી ઋષભસાગરજી મ.

સખી ! મોંનૈ[1] દેખણ[2] દેઈ[3] ! મોરો[4] મન મોહયો ઈણ મૂરતિ[5]
કરવા જનમ પવિત્ર, જોઈસ પ્રભુ સુરતિ[6]....(૧)
પ્રકટયો પૂરવ નેહ, અટક્યો[7] મન છુટૈ[8] નહીં
ભટક્યો ભવ ભવ માંહી, પુણ્ય યોગિં પાયો કહી....(૨)
લગીય કમલસ્યું પ્રીતિ, સો ક્યું રાચઇ ધતુરસૌ[9]
આણંદદાયક દેવ, પર ભીજૈ પ્રેમ પૂરસ્યું....(૩)
ભેટયાં ભાંજૈ ભૂખ, દુઃખ મિટૈ સહુ દેહના
**સંવર**-સુતનઇ છોડિ, મણાવડા[10] હો જે કેહના[11]....(૪)
અણદીઠા[12] અકુલાય[13], દીઠાં[14] દુરિ હુવૈ ન સકઈ[15]
મનમોહન જિનરાજ, પખંઈ[16] રહે છંઈ કે....(૫)
દેખી સખી ! પ્રભુ દેહ, લજ્જિત[17] લાવનિમા[18] લહલહૈ
સાસ[19] અનૈ પરસેવ[20], પુષ્પ પરાગજયું મહમહે[21]....(૬)
**અભિનંદન** ! અવધારિ, પારથના એ લહલહૈ[22]
જો પ્રભુ ! ધરસ્યો ચિત્ત, તો સઘળી વાતાં **સહસહે**[23]....(૭)
પૂરા છો પરમેશ, પૂરાહી સુખ દીજીયૈ
**ઋષભસાગર** કહે સ્વામી, બિરૂદ વડાઈ લિજીયૈ....(૮)

---

૧. મને ૨. જોવા ૩. દે ૪. મારું ૫. પ્રભુજીની કાયા ૬. ચહેરો ૭. પ્રભુજીમાં લાગેલું ૮. બીજે જાય નહીં ૯. ધતૂરાથી ૧૦. મનાવણા = રીસ દૂર કરવા કરાતા પ્રયત્નો ૧૧. કોના ૧૨. જોયા વિના ૧૩. અકળામણ થાય ૧૪. જોએથી ૧૫. શકે ૧૬. વિના ૧૭. શરમાયેલ ૧૮. લાવણ્ય = કાંતિ ૧૯. શ્વાસ ૨૦. પરસેવો ૨૧. સુગંધવાળો ૨૨. ઉમંગભરી ૨૩. સરળથાય.

## કર્તા : શ્રી ઉદયરત્નજી મ.

**સિદ્ધારથાના** સુતના પ્રેમે, પાય પૂજો રે
દુનિયામાંહિ એહ સરિખો, દેવ ન દુજો રે-સિદ્ધા૦(૧)
મોહરાયની ફોજ દેખી, કાં તુમે ધૂજો રે
**અભિનંદન** ઓઠે રહીને, જોરે ઝૂંઝો રે-સિદ્ધા૦(૨)
શરણાગતનો એ અધિકાર, બૂઝો બૂઝો રે
**ઉદય** પ્રભુશું મળી મનની, કરીયે ગુઝો રે-સિદ્ધા૦(૩)

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

**(દેશી-હમીરીયાની)**

**અભિનંદન** જિનવર સુણો, ઓલંભે[1] અરદાસ[2]-સનેહી
છાંડતાં કિમ છૂટશો, કરશો નેહ[3] દિલાસ[4]-સનેહી **અભિનંદન!**અવધારિયે
ઈમ દિન કેતા ચાલશ્યે, મૌન કર્યે મહેરબાન-સનેહી
હેજે[5] હસીઅ બોલાવીયે, જિમ અમ વાધે વાન[6] -સનેહી અભિ૦(૧)
તારક બિરૂદ ધરાવશ્યો, તેં તાર્યા સુપ્રસિદ્ધ-સનેહી
તો પ્રભુ ! હું કિમ વીસર્યો, અથવા તિણે કાંઈ દીધ -સનેહી અભિ૦(૨)
લોક-સ્વભાવે દેખતાં, ઈમ ન સરે મુજ કાજ-સનેહી
દાસત્વભાવે જો ગિણો, એતલે પામું રાજ-સનેહી અભિ૦(૩)
કરૂણાનિધિ કહીયે કિશ્યું, જાણે મનોગત ભાવ-સનેહી
**ખિમાવિજય કવિ જિન** કહે, કીજીયે સુગુણ-જમાવ -સનેહી-અભિ૦(૪)

---

૧. ઠપકારૂપ ૨. વિનતિ ૩. છેવટે ૪. માનસિક શાંતિ ૫. પ્રેમથી ૬. ઉમંગ

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

### (મહાવિદેહ ક્ષેત્ર સોહામણો-એ દેશી)

અભિનંદન આણંદમાં અતિશય લીલ અનંત-લાલ રે
સંવર[1]-રાયનો બેટડો, સંવર-સુખ વિલસંત-લાલ રે,
અભિનંદન આણંદમાં૦(૧)

સિદ્ધારથ[2]નો લાડલો, સિદ્ધારથ ભગવાન-લાલ રે
એ જુગતુ જગતી તળે, વિચરે મહિમા, -નિધાન-લાલ રે —અભિ૦(૨)

ચાલે ગજ ગતિ ગેલશ્યું, કામ-કેશરી કરે નાશ-લાલ રે
દીપે દિનકર તેજથી, શીતલ સહજ-વિલાસ-લાલ રે-અભિ૦(૩)

વરસે વાણી મેહ જયું તૃષ્ણા તટિની[3]-શોષ-લાલ રે
આતમ-સંપદ વેલડી, ક્ષાયિક-ભાવે-પોષ-લાલ રે-અભિ૦(૪)

બાંધ્યું ભાવના-સાંકળે, મુજથી ચંચળ ચિત્ત-લાલ રે
લાંછન[4] મિશ ચરણે રહ્યો, વાનર કરે વિનીત-લાલ રે અભિ૦(૫)

તિરિ ગઈ ચપલાઈપણું, વારો આપ વિવેક-લાલ રે
ક્ષમાવિજય-જિન ચાકરી, ન તજુ ત્રિવિધે ટેક-લાલ રે-અભિ૦(૬)

---

૧. પ્રભુજીના પિતાજીનું નામ ૨. પ્રભુજીની માતાજીનું નામ ૩. નદી ૪. બહાનાથી

## કર્તા : શ્રી હંસરત્નજી મ.

### (સાહેબ મોતીડો અમારો-એ દેશી)

તુજ ગુણ-કમળ-પરાગ સુગંધી, મુજ મન[1]-મધુપ રહ્યો મનબંધી[2]
સાહેબા ! મુજ અરજ સુણીજે, જીવના ! કાંઈ મેહેર કરીજે, મોહના ! માનોજી
અમૂલ[3] બહુલ[4]-પરિમલનો લોભી-સાહિબા૦
થઈ એકચિત્તો રહ્યો થિર થોભી[5]-સાહિબા૦(૧)

નીંબ[6] કણયર[7] સમાન ઘણેરા, છંડી દેવ અનેક અનેરા-સાહિબા૦
વિકસિત-[8]પંકજ[9]સરસ[10]-પરાગે[11], કરે ઝંકારી સદા મનરાગે[12]-સાહિબા૦(૨)

અધિક સૌરભ[13] દેખાડી સૂધો, ચપળ ભમર મુજ મન વશ કીધો-સાહિબા૦
લેવા ગુણ-મકરંદનો[14] લાહો, આઠે પહોર ધરી ઉમાહો -સાહિબા૦(૩)

ટેક ધરી મન મોટી આશે મુજરો કરી માંગું પ્રભુ પાસે-સાહિબા૦
ગુણ[15]-પંકજ-મંજરી હિત આણી, પ્રભુજી ! આપો પોતાનો જાણી-સાહિબા૦(૪)

પામી ત્રિભુવન-નાથ નગીનો, ભેદ તજી રહુ અહો નિશિ ભીનો-સાહિબા૦
સાહિબ **અભિનંદન** શોભાગી, **હંસરત્ન** મને એ લય લાગી-સાહિબા૦(૫)

---

૧. મનરૂપ ભમરો ૨. મન બાંધી = સ્થિરપણે ૩. શ્રેષ્ઠ ૪. ઘણા ૫. અટકી રહ્યો ૬. લીંબડા ૭. કણેર ૮. ખીલેલ ૯. કમલ ૧૦. સુંદર ૧૧. સુગંધ, ૧૨. દઢ આસક્તિ સાથે ૧૩. સુગંધ ૧૪. કમલની પરાગ ૧૫. ગુણરૂપ કમલનો સુગંધમય માંજર

## કર્તા : શ્રી મોહનવિજયજી મ.

(આછે લાલની-દેશી)

અકળ[1]-કળા અ[2]-વિરૂદ્ધ, ધ્યાન ધરે પ્રતિબૂધ
આછે લાલ ! **અભિનંદન** જિન-ચંદનાજી
રોમાંચિત થઈ દેહ, પ્રગટ્યો પૂરણ-નેહ,
આછે લાલ ! ચંદ્ર જ્યું વન અરવિંદનાજી[3]....(૧)

એકો ખીણ મનરંગ, પરમ-પુરૂષને સંગ,
આછે લાલ ! પ્રાપ્તિ[4] હોવે સો પામીયેજી
સુગુણ[5]-સલૂણી ગોઠ, જિમ સાકર-ભરી પોઠ,
આછે લાલ ! વિણ દામે વિવસાઇયેંજી....(૨)

સ્વામી ગુણ-મણિ તુજ, નિવસો મનડે મુજ
આછે લાલ ! પણ કહિંયે ખટકે નહી જી
જિમ રજ નયણે વિલંગ, નીર ઝરે નિરવંગ[6]
આછે લાલ ! પણ પ્રતિબિંબ રહે સંસહીજી[7]....(૩)

મેં જાચ્યા કેઈ લક્ષ, તારક ભોળે પ્રત્યક્ષ,
આછે લાલ ! પણ કો સાચ નાવ્યો વગેજી[8]
મુજ બહુ મિત્રી દેખ, પ્રભુ ! કાં મૂકો ! ઉવેખ,
આછે લાલ ! આતુર[9]-જન બહુ ઓળગેજી[10].....(૪)

જગ જોતાં જગનાથ ! જિમ તિમ આવ્યા છો હાથ,
આછે લાલ ! પણ હવે રખે કુ[11]-મયા કરોજી
બીજા સ્વારથી દેવ, તું પરમારથ હેવ,

આછે લાલ ! પામ્યો હવે હું પટંતરોજી[૧૨]....(૫)

તેં તાર્યા કેઈ કોડ, તો મુજથી શી હોડ
આછે લાલ ! મેં એવડો શ્યો અલેહણોજી[૧૩]
મુજ અરદાસ અનંત, ભવની છે ભગવંત,
આછે લાલ ! જાણને શું કહેવું ? ઘણુંજી....(૬)
સેવાફળ દ્યો આજ, ભોળવો કાં ? મહારાજ,
આછે લાલ ! ભૂખ ન ભાંગે ભામણેજી[૧૪]
**રૂપ-વિબુધ** સુ-પસાય, **મોહન** એ જિનરાય,
આછે લાલ ! ભૂખ્યો ઉમાહે ઘણેજી....(૭)

---

૧. ન સમજાય તેવું ૨. વિરોધાભાસ રહિત ૩. ચંદ્ર વિકાશી કમળના ૪. ભાગ્યનું નિર્માણ ૫. સારા ગુણવાનની સુંદર સોબત ૬. એકધારું ૭. સ્પષ્ટ ૮. સફળ ૯. ગરજવાન ૧૦. સેવા કરે ૧૧. અકૃપા ૧૨. ભેદભાવ ૧૩. ગુન્હો ૧૪. બનાવવાથી

## કર્તા : શ્રી રામવિજયજી મ.

### (નંદ સલૂણા નંદના રે લો-એ દેશી)

**સંવર** રાયના નંદના રે[૧] લો, ત્રિભુવનજન-આનંદના રે લો,
મૂરતિ મોહનગારી છે રે લો, તન-ધન જીવન વારિયે રે [૨] લો-સંવર૦(૧)

મુજરો લીજે માહરો રે લો, હું સેવક તાહરો રે લો,
જગતારક નહીં વિસરો રે લો, તો મુજને કિમ વીસર્યો રે લો-સંવર૦(૨)

જે જેહના તે તેહના રે લો, સેવું પાસાં કેહનાં રે લો,
અપજસ[૩] જગ જે દેવના રે લો, ન કરૂં તેહની સેવના રે લો-સંવર૦(૩)

જે ફળ ચાખ્યા કાગડે રે લો, તે હંસો કિમ આભડે રે[૪] લો
આપ વિચારી દેખશો રે લો, તો મુજ કેમ ઉવેખશ્યો રે લો-સંવર૦(૪)
**અભિનંદનજિન** ભેટિયો રે લો, ભવસાયર ભય મેટિઓરે લો
વાચક વિમલવિજય તણો રે લો, **રામ** લહે આણંદ ઘણો રે લો-સંવર૦(૫)

---

૧. પુત્ર ૨. ઓવારીહ્રદયે ૩. જગતમાં જે દેવતા અપજશી છે (ત્રીજી ગાથાની ત્રીજી લીટીનો અર્થ) ૪. અડે

## કર્તા : શ્રી રામવિજયજી મ.

**(ઘમઘમ ઘમકે ઘૂઘરા રે, ઘૂઘરે હીરની દોર કે ઘમ—એ દેશી)**

**શ્રી અભિનંદન**-સ્વામીને રે, સેવે સુરકુમરીની કોડ કે-પ્રભુની ચાકરી રે
મુખ મટકે મોહી રહી રે, ઊભી આગળ બે કરજોડ કે—પ્રભુ૦.....(૧)

સ્વર ઝીણે આલાપતી રે, ગાતી જિનગુણ-ગીત -રસાળ કે-પ્રભુ૦
તાળ મૃદંગ બજાવતી રે, દેતી અમરી[૧]ભમરી[૨]-બાળકે—પ્રભુ૦.....(૨)

ઘમઘમ ઘમકે ઘૂઘરી રે, [૩] ખળકે કટિમેખલ[૪] સાર કે—પ્રભુ૦
નાટક નવનવા નાચતી રે, બોલે પ્રભુ-ગુણગીત રસાળ કે-પ્રભુ૦.....(૩)

સુત **સિદ્ધારથ** માતનો રે, **સંવર**-ભૂપતિ-કુળ-શિણગાર-પ્રભુ૦
ધનુ[૫]સય-સાઢા ત્રણની રે, પ્રભુજીની દીપે દેહ અપાર પ્રભુ૦.....(૪)

પૂરવ લાખ પચાસનું રે, પાળી આયુ લહ્યું શુભ ઠામ-પ્રભુ૦
નયરી **અયોધ્યા**નો રાજીયો રે, દરિશણ નાણ-રયણ-ગુણખાણ-પ્રભુ૦.....(૫)

સેવો સમરથ સાહિબો રે, સાચો શિવ-નયરીનો સાથ-પ્રભુ૦
મુજ હિયડામાંહિ વસ્યો રે, વ્હાલો તીન ભુવનનો નાથ-પ્રભુ૦.....(૬)

ઈણી પરે જિનગુણ ગાવતાં રે, લહો એ અનુભવ-સુખ રસાળ-પ્રભુ૦
**રામવિજય** પ્રભુ સેવતાં રે, કરતાં નિત-નિત મંગળ-માળ-પ્રભુ૦....(૭)

૧. અપ્સરાઓ ૨. ફેરફુદડી ૩. ખણખણ થાય ૪. કેડનો કંદોરો ૫. સાડા ત્રણસેં ધનુષ્યની

## કર્તા : શ્રી કાંતિવિજયજી મ.

**(મન મધુકર મોહી રહ્યો-એ દેશી)**

રાગ ઉદયગિરિ ઉગિયો, શ્રી **અભિનંદન** સૂર[૧] રે,
વિમળદિશા પૂરવ દિશે, અનુભવ-કિરણ પંડૂર[૨] રે-રાગ૦.....(૧)

મોહતિમિર દૂરે છીપે, કંપે ચોર વિભાવ રે;
કુમતિ નિશા નાશે બુરી, વિકસે પદ્મ[૩] સુભાવ[૪] રે—રાગ૦....(૨)

નિજગુણ પરિમલ મહમહે, બોધ-ભમર તિહાં રાચે રે
પરપરિણતિબંધન મિટે, વિષમ વિષયરજ પાચે[૫] રે-રાગ૦....(૩)

રાહુ ગ્રહે નવિ રાગ તે, અશુચિ ઘટા નવિ ઢંકે રે
**વિભ્રમ**[૬]-વિકલ્પ તારિકા, અતિશયરૂપથી શંકે રે-રાગ૦....(૪)

સૂર્ય અપૂરવ આદિના, અનુપમ એ પ્રભુ આપ રે
**કાંતિ** સકળ નિજ તેજથી, શોષે કાદિમ પાપ રે-રાગ૦....(૫)

૧. સૂર્ય ૨. નિર્મલ ૩. કમલ ૪. સારાં પરિણામ ૫. દબાય ૬. જાત જાતના અશુભ સંકલ્પો, રૂપતારાઓ

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

જૈનકો મારગ મસ્ત હે, સુણો અરથી[1] લોકો
અડદશ[2] દૂષણ વર્જિત દેવા, **અભિનંદન** વર ધન્ન હૈ-સુણો૦(૧)
દુવિધ પરિગ્રહ ન ધરે કબહું, ગુરુ[3] કાંતિ શોભિત તન્ન હૈ-સુણો૦(૨)
ખંત્યાદિક દશ ગુણ શુચિ દેહા, ધર્મ ભુવનમેં મન્ન હૈ-સુણો૦(૩)
મિથ્યામતિ નિત હિંસામયલો,[4] દૂર તજ્યો જ્યું સન્ન[5] હૈ-સુણો૦(૪)
શુદ્ધ ધરમ તેરોહી જ સાચો, જગ ઉપમ નહિ અન્ન હૈ-સુણો૦(૫)
**ન્યાયસાગર** પ્રભુ ભગતે શકતિ, દિન દિન વધતે વન્ન હૈ-સુણો૦(૬)

૧. જિજ્ઞાસુ જનો ૨. અઢાર ૩. વધુ ૪. મેળ ૫. વિષ્ટા

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

**(વાડી ફૂલી અતિ ભલી મનભમરા રે-એ દેશી; રાગ ગોડી)**

**અભિનંદનજીન** વંદીએ, ગુણ ખાણી રે,
અતિ ઘણો ઉલટ આણી, સુણો ભવિ પ્રાણી રે
પુરૂષાર્થ ચ્યાર સાધિયા ગુણ૦ જાણી ચ્યાર પ્રમાણ-સુણો૦
ચંચળપણું મુજથી ઘણું ગુણ૦ તેં વશ કીધું મન્ન-સુણો૦
ઈમ જાણી કપિ પદે રહ્યો ગુણ૦ લંછન મિસિ તે ધન્ન-સુણો૦
**સંવરનૃપનો** બેટડો ગુણ૦ સંવર કરે નિરપાય-સુણો૦

તેહમાં અચરિજ કો નહિં ગુણ૦ **સિદ્ધારથા** જસ માય-સુણો૦
નંદનવનમાં જિમ વસે ગુણ૦ ચંદન સુરતરૂવૃંદ-સુણો૦
તિમ તુમ તનુમાં સોહીયે ગુણ૦ અતિશય અતુલ અમંદ-સુણો૦
ચોથા જિનને સેવતાં ગુણ૦ લહીયે ચોથો વર્ગ-સુણો૦
**ન્યાયસાગર** પ્રભુની કૃપા ગુણ૦ એહ સભાવ નિસર્ગ-સુણો૦

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

### (દેશી સુંદરની)

સુંદર **અભિનંદન** જિનરાજની, હું જાઉં બલિહારી હો-સુંદર૦
દશ લાખ કોડી સાગરે, **અભિનંદન** અવધાર હો -સુંદર૦.....(૧)

સુદ વૈશાખ ચોથે ચવ્યા, જનમ્યા માહ સુદિ બીજે હો-સુંદર૦
સ્તવના-નિંદાથી પ્રભુ, નવિ હરષે નવિ ખીજે હો -સુંદર૦.....(૨)

સાઢા ત્રણસે ધનુષની, દેહડી સોવન વાન હો-સુંદર૦
મહા સુદિ બારસે વ્રત ધરી, મનપર્યવ લહે જ્ઞાન હો -સુંદર૦.....(૩)

સુદ ચૌદશ પોષ માસની, પંચમનાણ પ્રકાશ હો-સુંદર૦
વૈશાખ સુદિ આઠમ દિનેં, પોહતા શિવપુર વાસ હો -સુંદર૦.....(૪)

લાખ પચાશ પૂરવ તણું, જિનવર **ઉત્તમ** આય હો-સુંદર૦
પ્રેમે **પદ્મવિજય** કહે, થુણિયે શ્રી જિનરાય હો-સુંદર૦....(૫)

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

(તુમ્હે જોજ્યો જોજ્યો રે જંતને બજાવે તુમ્હે-એ દેશી)

તુમ્હે જોજ્યો જોજ્યો રે, વાણીનો પ્રકાશ-તુમ્હે૦
ઊઠે છે અખંડ-ધ્વનિ, જોજને સંભળાય
નર તિરિય દેવ આપણી, સહુ ભાષા સમઝી જાય-તુમ્હે૦(૧)
દ્રવ્યાદિક દેખી કરીને, નય નિક્ષેપે જુત્ત
ભંગ તણી રચના ઘણી, કાંઈ જાણે સહુ અદ્‌ભુત-તુમ્હે૦(૨)
પય સુધા ને ઈક્ષુ-વારિ, હારી જાયે સર્વ
પાખંડી જન સાંભળીને, મૂકી દિયેં ગર્વ-તુમ્હે૦(૩)
ગુણ **પાંત્રીશ** અલંકરી, **અભિનંદન** જિન વાણી
સંશય છેદે મન તણા, પ્રભુ કેવલજ્ઞાને જાણી-તુમ્હે૦(૪)
વાણી જે નર સાંભળે તે, જાણે દ્રવ્ય ને ભાવ
નિશ્ચય ને વ્યવહાર જાણે, જાણે નિજ-પર ભાવ-તુમ્હે૦(૫)
સાધ્ય-સાધન ભેદ જાણે, જ્ઞાન ને આચાર
હેય-જ્ઞેય-ઉપાદેય જાણે, તત્ત્વાતત્ત્વ-વિચાર-તુમ્હે૦(૬)
નરક સ્વર્ગ અપવર્ગ જાણે, થિર વ્યય ને ઉત્પાદ
રાગ-દ્વેષ અનુબંધ જાણે, ઉત્સર્ગ ને અપવાદ-તુમ્હે૦(૭)
નિજ સ્વરૂપને ઓળખીને, અવલંબે સ્વરૂપ
ચિદાનંદ-ઘન આતમ ને, થાયે જિન-ગુણ-ભૂપ-તુમ્હે૦(૮)
વિનયથી **જિન-ઉત્તમ**કેરા, અવલંબે પદ-**પદ્મ**
નિયમા તે પર-ભાવ તજીને, પામે શિવપુર-સદ્મ-તુમ્હે૦(૯)

## કર્તા : શ્રી વિજયલક્ષ્મીસૂરિ મ.

(ગિરૂઆ રે ગુણ તુમ તણા-એ દેશી)

ત્રિભુવનનાયક લાયકો, **અભિનંદન** જિનરાયો રે
બલિહારી તુજ નામની, જિણે મારગ શુદ્ધ બતાયો રે-બલિ૦
તે તો આતમને મન ભાયો રે-બલિ૦(૧)

**નિવૃત્તિનયરીયે** છાજતા, રાજતા **અક્ષયરાજે** રે
અતિશય નિર્મળ વર રૂચિ, મ્હારા પરમેશ્વરનેં દિવાજે રે-બલિ૦(૨)

સ્વપર પ્રકાશક દિનમણિ, શુદ્ધસ્વરૂપી અપ્રયાસી રે
સકળ દાનાદિક ગુણ તણી, વ્યક્તતા શક્તિ અનાસી રે-બલિ૦(૩)

સહજ આનંદ વીતરાગતા, પ્રદેશે પ્રદેશે અનૂપ રે
સાદિ-અનંત ભાંગે કરી, પૂર્ણ નયે તસ ભૂપ રે-બલિ૦(૪)

અવિસંવાદી નિમિત્તપણે, સવિ તુજ શક્તિ માહરે રે
સત્ય હેતુ બહુ આદરે, હોય ભવ ભેદ પ્રસારે રે-બલિ૦(૫)

ભવવાસી જે આતમા; તે પ્રભુ પ્રભુતા અવલંબે રે
ભેદ-છેદ કરી જિન હોયે, પણ ન હોયે તે વિલંબે રે-બલિ૦(૬)

પરમ શિવંકર ગોપને, જે નૂર ચિતમાં ધ્યાવે રે
દિવ્ય બહુ સુખ શાશ્વતા, **સૌભાગ્ય-લક્ષ્મીસૂરિ** પાવે રે-બલિ૦(૭)

## કર્તા : શ્રી કીર્તિવિમલજી મ.

શ્રી **અભિનંદન** જગનો તારૂ, મુજ મન લાગે વારૂ રે
તુજ સેવામાં જો પ્રભુ રહીએ, તો મનવાંછિત લહીયે -શ્રી અભિ૦(૧)

પ્લવંગ-લંછન પાયે સોહે, ભવિ-જનનાં મન મોહે રે;
જો પ્રભુ તુજ આણા શિર વહીયે, તો નિર્મળ-સુખ લહીયે -શ્રી અભિ૦(૨)

**વિનીતા** નયરી જબ પ્રભુ આયો, **સંવર** કુલ દીપાયો રે
ધન્ય **સિદ્ધાર્થા** માતે જાયો, ઇંદ્ર-ઇંદ્રાણી લડાયો રે-શ્રી અભિ૦(૩)

**નાયક** યક્ષ તુમ્હ સેવા કરે, **કાલી** સુરી દુઃખ વારે રે
ધન્ય જિવ્હા જે તુમ્હ ગુણ ગાવે, ધન્ય મન જે તુમ્હ ધ્યાવે રે -શ્રી અભિ૦(૪)

જે ભવિ તુમ ચરણામ્બુજ સેવે, કામધેનુ સો લેવે રે,
**ઋદ્ધિ** સિદ્ધિ **કીર્તિ** ઘણી, તુમ્હ ધ્યાને શિવ-સુખ પાવે રે -શ્રી અભિ૦(૫)

## કર્તા : શ્રી દાનવિમલજી મ.

**અભિનંદન** જિન દેવ, સેવા મેં જો લહી
સીધ્યાં તો સવિ કાજ, રાજદર્શન સહી....(૧)

કરું વિનતિ કર જોડી, કોડી મન તાહરો,
ગુન્હો કરો હવે માફ બાપજી માહરો...(૨)

જે સેવક એક ચિત્ત, નિત્ય સેવા ધરે,
ધરી મનમાંહિ સ્વામી, નામે શાતા કરે....(૩)

શ્વાસોશ્વાસે છેક, ટેક છે માહરી,
અવર ન નામું શીશ, આણ શીરે તાહરી....(૪)

ગિરુઆ પુરુષ દયાળ, મયા કરો મારા પરે
**વિમલ** કમલ રવિ તેજ, હેજ **દાને** કરી....(૫)

## કર્તા : શ્રી વિનીતવિજયજી મ.

### (મનમધુકર મોહી રહ્યો-એ દેશી)

શ્રી **અભિનંદન જિન** તાહરી, મૂરતિ મોહન વેલી રે
બહુ ગુણકુસુમ પરિમલ ભરી, મનમધુકર કરે કેલી રે -અભિ૦(૧)

ભવિજન ભગતિ અતિ અમીરસે, સીંચીજે નિતમેવ રે
મનવંછિત ફળ પામીયે, સુખસંયોગ સનેહ રે-અભિ૦(૨)

દેખતહી દિલમાં વસી, માહરા નયન લુભાણા જાય રે
માલતી મધુકરની પરે, અવર ન આવે દાય રે -અભિ૦(૩)

ચંદ ચકોરા પ્રીતડી, ઘન ગર્જારવ મોર રે
એકપખો ઈમ નેહલો, તે દુખ દિલ દિયે જોર રે -અભિ૦(૪)

પરમ દયાળ દયા કરી, હમ તુમ અંતર ટાળો રે
**મેરૂવિજય** ગુરુ શિષ્યને, વિનીતવિજય પ્રતિપાળો રે -અભિ૦(૫)

## કર્તા : શ્રી અમૃતવિજયજી મ.

(રાગ-નટ)

તેરે નેનોંકી મેં બલિહારી, માનું છકી સમતા મતવારી-તે૦
ચંચલતા ગતિ મીનકી હારી, અંજન વાર હજાર ઉવારી-તે૦.....(૧)

જીતી ચકોરકી શોભા સારી, તાસોં ભખે અગનીદુખ ભારી-તે૦.....(૨)

લાજ્યો પંકજ અલિકુલ ગુનધારી, ભએ ઉદાસ હુએ જલચારી-તે૦.....(૩)

ત્રાસિત હરન નયન સુખ છાંરી, તપસી હોત ચલે ઉજારી-તે૦.....(૪)

જેતી કહું ઉનકી ઉપમારી, **અભિનંદન** જિન પર સબ વારી-તે૦.....(૫)

એસી સુભગતા કામનગારી, દીજે **અમૃત**દેગમેં અવતારી-તે૦.....(૬)

## કર્તા : શ્રી પ્રમોદસાગરજી મ.

(સુમતિ સદા દિલમાં ધરે-એ દેશી)

**અભિનંદન**[૧] અવધારીયે, વિનતડી એક વાર સલૂણે
ભાગ્યદશાએ ભેટિઓ, તું ત્રિભોવન આધાર-સ૦..૧

રિદ્ધિભરી **વિનીતાપુરી**[૨], સોહે **સંવર**[૩] ભૂપ; સલૂણે
રમણી જાસ **સિદ્ધારથા**[૪], રાજે રંભા રૂપ-સ૦..૨

સાર્ધ તીન શત[૧] જેહનું, ઉચું [૫]તનુ ધનુ માન; સલૂણે
પ્લવંગ[૨] લંછન[૬] ચરણે ભલું, દેહી[૭] કુંદનવાન[૩];-સ૦..૩

પૂરવ પચાસ લાખ હે, જીવિત[8] જિન પ્રમાણ,-સલૂણે
એક શત ષોડશ ગણધરૂ[9], ત્રિણલાખ સાધુ[10] સુજાણ-સ૦..૪

જક્ષ નાયક નામે કાળિકા, સાધવી ષટ લખ સાર;-સલૂણે
ત્રીશ સહસ ઊપરે વળી, **પ્રમોદસાગર** સુખકાર-સ૦..૫

---

૧. સાઢા ત્રણસો ૨. વાંદરાનું ૩. સોના જેવી

## કર્તા : શ્રી ભાણચંદ્રજી મ.

**(ફતેમલ પાણીડાં ગઈતી તળાવ, કાંટો ભાગ્યો પગની લાંકમાં—એ દેશી)**

પ્રભુજી ! **અભિનંદન** જગનાથ, શિવપુર સાથ ભલો મળ્યો,
પ્રભુજી ! તસ્કરપતિ રાગાદિ, તેહનો ભય દૂરે ટળ્યો....॥૧॥

પ્રભુજી ! તુજ સરિખો સત્થવાહ, બાંહ્ય ગ્રહીને ઉદ્ધરે,
પ્રભુજી ! દુઃખદાયક જગ જેહ, તે વૈરી તિહાં શુ કરે ?....॥૨॥

પ્રભુજી ! ભવ ભમતાં બહુ કાળ, ચક્ર અનંતા વહી ગયા,
પ્રભુજી ! ઈહાં મિલ્યા જિનરાજ, કાજ સવે મુજ સિદ્ધ થયા.....॥૩॥

પ્રભુજી ! શ્યો હવે સિદ્ધિ વિલંબ ? પ્રાપ્તિનો અવસર ભાવિયો,
પ્રભુજી ! મહિર કરો મહારાજ ! તુમ ચરણે હું આવિયો....॥૪॥

પ્રભુજી ! તારણતરણ જહાજ, આજ ભલે પ્રભુ ભેટિયા,
પ્રભુજી ! **વાઘજી મુનિનો ભાણ**, કહે ભવદુઃખ સવિ મેટિયા.....॥૫॥

## કર્તા : શ્રી ખુશાલમુનિજી મ.

(હું રે આવી છું મહી વેચવા રે લોલ-એ દેશી)

**અભિનંદન** અરિહંતજી રે લોલ,
સાંભળો ચતુર સુજાણ મોરા સાહેબ જી રે ।
હવે નહિ સેવું બીજા દેવને રે લોલ ।
તું લાગે મુજને ઘણો રે લો, વાલ્હો જીવન પ્રાણ-મોરા૦ હવે૦॥૧॥

તું સમરથ શિર માહરે લો, તારણ તરણ જિહાજ-મોરા૦
જે કોઈ તુજ પર ¹આસર્યા રે લો, તેહ લહ્યા અવિચળ રાજ -મોરા૦ હવે૦॥૨॥

કાળ અનાદિ અનંતનો રે લો, હું ભમ્યો ભવની રાશ-મોરા૦
ઉરધ અરધ તિરછી ગતે રે લો, વસિયો મોહનિવાસ-મોરા૦ હવે૦ ॥૩॥

મેં અપરાધ કર્યા ઘણા રે લો, કહેતાં નાવે પાર-મોરા૦ ।
હવે તુજ આગળ આવિયો રે લો, મુજ ગરીબને તાર-મોરા૦ હવે૦ ॥૪॥

પારંગત પરમેશ્વરૂરે લો, ભગતિવત્સલ પ્રતિપાળ-મોરા૦
**શ્રી અખયચંદ સૂરીશનો** રે લો, શિષ્ય નમે **ખુશિયાળ** - મોરા૦ હવે૦ ॥૫॥

---

(૧) આશ્રય લીધો...

## કર્તા : શ્રી ચતુરવિજયજી મ.

### (દેશી-ઝુલખડાની)

મુખ મટકે જગ મોહી રહ્યો રે, દગ લટકે લલચાય-જિણેસર ! સાંભળો !
**અભિનંદન જિન** તાહરી રે, મૂરતિ મોહનરાય-જિણે૦....॥૧॥

ગ્રહી અંગે ગુણ તાહરા રે, પરમારથ પદ એક-જિણે૦ ।
હું નમું કયું હવે તે સદા રે, એ મુજ મોટી ટેક-જિણે૦....॥૨॥

કમળ કમળદળ પાંખડી રે, આંખડી નિરમળ થાય-જિણે૦ ।
પરમ પ્રભુ રૂપ જોવતાં રે, આવે ન દૂજો દાય-જિણે૦....॥૩॥

સફળ ફળી હવે માહરી રે, જો મુજ મળિયો ઇષ્ટ-જિણે૦ ।
રંગ પતંગ ન દાખવું રે, રાખું ચોળ મજીઠ-જિણે૦....॥૪॥

ગગને વાજાં **વાજિયાં** રે, અમ ઘર મંગળ તૂર-જિણે૦ ।
**નવલવિજય** જિન વંદતાં રે, **ચતુર**ને સુખ ભરપૂર-જિણે૦....॥૫॥

## કર્તા : શ્રી દેવચંદ્રજી મ.

### (બ્રહ્મચર્ય પદ પૂજીએ હો વિનીત-એ દેશી)

કયું જાણું કયું બની આવહી, **અભિનંદન** રસ રીત-હો મિત્ત !।
પુદ્ગલ-અનુભવ ત્યાગથી, કરવી જસ પરતીત-હો મિત્ત કયું૦.॥૧॥

પરમાતમ પરમેશ્વરૂ, વસ્તુગતે તે અ-લિપ્ત-હો મિત્ત !।
દ્રવ્યે દ્રવ્ય મિલે નહી, ભાવે તે અન્ય અ-વ્યાપ્ત-હો મિત્ત કયું૦.॥૨॥

શુદ્ધ-સ્વરૂપ સનાતનો, નિર્મલ જે નિસ્સંગ-હો મિત્ત !।
આત્મ-વિભુ તે પરિણમ્યો, ન કરે તે પર-સંગ-હો મિત્ત ! કયું૦.॥૩॥

પણ જાણું આગમ બળે, મિલવો તુમ પ્રભુ સાથ-હો મિત્ત !।
પ્રભુ તો સ્વ-સંપત્તિ મઈ, શુદ્ધ સ્વરૂપનો નાથ-હો મિત્ત ! કયું૦.॥૪॥

પર-પરિણામિકતા અછે, તે તુજ પુદ્ગલ-જોગ-હો મિત્ત !।
જડ-ચલ જગની એંઠનો, ન ઘટે તુજને ભોગ-હો મિત્ત ! કયું૦.॥૫॥

શુદ્ધ નિમિત્ત પ્રભુ ગ્રહ્યો, કરી અ-શુદ્ધિ પરિહેય-હો મિત્ત !।
આત્માલંબી ગુણલયી, સહુ સાધકનો ધ્યેય-હો મિત ! કયું૦॥૬॥

જિમ જિન-વર આલંબને, વધે સુધે એક-તાન-હો મિત્ત !।
તિમ તિમ આત્મલંબની, ગ્રહે સ્વરૂપ નિદાન-હો મિત્ત ! કયું૦.॥૭॥

સ્વ-સ્વરૂપ એકત્વતા, સાધે **પૂર્ણાનંદ**-હો મિત્ત ! ।
રમે ભોગવે આતમા, રત્નત્રયી ગુણવૃંદ-હો મિત્ત ! ક્યું૦॥૮॥

**અભિનંદન** અવલંબને, પરમાનંદ-વિલાસ-હો મિત્ત ! ।
**દેવચંદ્ર**-પ્રભુ સેવના, કરી અનુભવ-અભ્યાસ હો મિત્ત ! ક્યું૦॥૯॥

## કર્તા : શ્રી જીવણવિજયજી મ.

### (સાંભલો ચંદ નરેસરૂ રે લો - એ દેશી)

**અભિનંદન** અરિહંતજી રે લોલ, કાંઈ કરુણા કર ! ગુણવંતજી રે લો ।
સજ્જન સાચા જો મલે રે લો, તો દૂધમાંહી સાકર ભળે રે લો-અભિ૦ ॥૧॥

કેવલ [૧]કમલા જો તાહરે રે લો, તેણે કારજ શ્યો સરે માહરે રે ? લો ।
ભાળતાં ભૂખ ન ભાંજીયે રે લો, કાંઇ પેટ પડ્યાં[૨] ધાપીજીએ રે લોલ-અભિ૦ ॥૨॥

હેજ કરી હુલરાવિયાં રે લો, કાંઈ વધીયે નહિ વિણ ધાવિયા રે લો ।
ઉત્તમ હુએ ઉપગારને રે લો, તે તત્ત્વ વહેંચી દિયે [૩]તારી રે લો-અભિ૦ ॥૩॥

આતમમાં અજુઆસીયે રે લો, કાંઈ વાસ તુમારે વાસિયે રે લો ।
કારણ જો કાંઈ લેખવો રે લો, તો નેહ-નજર-ભર દેખવો રે લો-અભિ૦ ॥૪॥

સિદ્ધારથા-સંવર તણો રે લો, કાંઈ કુલ અજુઆલ્યો તેં ઘણો રે લો ।
શાશ્વતી સંપદા સ્વામીથી રે લો, **જીવણ** જસ લહે નામથી રે લો-અભિ૦ ॥૫॥

---

૧. લક્ષ્મી ૨. તૃપ્તિ થાય ૩. તારવીને

## કર્તા : શ્રી દાનવિજયજી મ.

(અક્ષયપદ વરવા ભણી સુણો સંતાજી)

અભિનંદન જિનરાયની-ભવિ પ્રાણી રે,
વાણી વિવિધ-વિલાસ-સુણો ગુણકારી રે
સાકરથી પણ સો-ગુણી-ભવિ૦, જેહમાંહી મીઠાશ-સુણો૦।।૧।।

ઇન્દ્રાદિક પણ સાંભળી-ભાવિ૦, હોવે [૧]તલ્લય-લીન-સુણો૦।
અમૃતને પણ અવગણે-ભવિ૦, જાણી[૨] એહથી [૩]હીણ-સુણો૦।।૨।।

પોતે રાગવતી છતાં-ભવિ૦, રાગ-નિવારણહાર-સુણો૦।
કોપ-દાવાનલ ટાળવા-ભવિ૦, [૪]નવ-જલધરની ધાર-સુણો૦।।૩।।

ભવિજનના મન રંજતી-ભવિ૦, ભંજતી વિષય-વિકાર-સુણો૦।
ગંગ-પ્રવાહ જ્યું ગાજતી-ભવિ૦, છાજતી અતિહી-[૫]શ્રીકાર-સુણો૦।।૪।।

તે વાણી મુજ મન વસી-ભવિ૦, [૬] સકલ-કુશલ-તરુ-મૂલ સુણો૦।
દાનવિજયને એ પ્રભુ-ભવિ૦, અહ-નિશ છે અનુકૂલ-સુણો૦।।૫।।

---

૧. એકાગ્ર ૨. પ્રભુ-વાણીથી ૩. ઉતરતી ૪. નવા મેઘની ૫. શોભાવાળી ૬. બધા શુભ સંયોગરૂપ વૃક્ષના મૂળ જેવી

## કર્તા : શ્રી મેઘવિજયજી મ.

(સિદ્ધારથ રાય કુળ તિલો એ-એ દેશી)

**અભિનંદન-જિન** વંદના એ, કરીએ ધરીય ઉચ્છાહ તો ।
ઘર સવિ સંપદ સંપજે એ, વર મંગલ-વિવાહ તો-અભિ૦॥૧॥

પુરુષોત્તમ પરમેસરૂ એ, [1]સ-કળ સ્વરૂપ અનંત તો ।
મોહ-તિમિર-મદ મોડવા એ, ઉદયો રવિ ઉલ્લસંત તો-અભિ૦॥૨॥

[2]સ-સનેહા સવિ દેવતા એ, તુ નિઃસનેહી નાહ તો ।
તો પણ સેવકને કરો એ, દિલ દેઈ નિરવાહ તો-અભિ૦॥૩॥

ગુણવંતા આદર કરે એ, સવિ [3]નિ-ગુણા પણ સ્વામ તો ।
નિ-ગુણાને પણ ગુણ કરે એ, એ જગ પ્રભુ અભિરામ તો-અભિ૦॥૪॥

સુતાં સુપને સાહિબો એ, આવે અતિશયવંત તો ।
તો જાણું જગતનો ધણી એ, રાખે **મહેર** મહંત તો-અભિ૦॥૫॥

શ્રી જિનવર-પદ-પંકજે એ, ભમર પરે રમે જેહ તો ।
**મેઘ** તણી પરે મહિઅલે એ, જગ વલ્લભ હુએ તેહ તો-અભિ૦॥૬॥

---

૧. કલાસહિત-સંપૂર્ણ-સુંદર ૨. રાગવાળા ૩. ગુણ વગરના

## કર્તા : શ્રી કેશરવિમલજી મ.

### (સુણ જિનવર શેત્રુંજા ધણી જી-એ દેશી)

નિરમલ-નાણ ગુણે કરીજી, તું જાણે જગ-ભાવ ।
જગ-હિતકારી તું જયોજી, ભવ-જલ તારણ નાવ-
જિનેસર ! સુણ **અભિનંદન જિણંદ**, તુજ દરિસણ સુખકંદ-જિને૦।।૧।।

તુજ દરિસણ મુજ વાલહુંજી, જિમ કુમુદિની-મન ચંદ ।
જિમ મોરલા-મન મેહલોજી, ભમરા-મન અરવિંદ-જિને૦।।૨।।

તુજ વિણ કુણ છે ? જગતમાંજી, જ્ઞાની મહા ગુણ-જાણ ।
[૧]તુજ-ધ્યાયક મુજ **મહેરથીજી**, હિત કરી દ્યો બહુમાન-જિને૦।।૩।।

તુજ હેતથી મુજ સાહિબાજી ! સીઝે વાંછિત-કાજ ।
તિણ હેતે તુજ સેવીયેજી, મહેર કરો મહારાજ-જિને૦।।૪।।

**સિદ્ધારથા-ઉર-હંસલોજી, સંવર-નૃપ-કુલ ભાણ ।**
**કેશર કહે તુજ હેતથીજી**, દિન-દિન કોડિ-કલ્યાણ-જિને૦।।૫।।

---

૧. તમારું ધ્યાન કરનારા એવા મારું હિત મહેર = કૃપાથી કરી દો. ત્રીજી ગાથાના ઉત્તરાર્ધનો અર્થ.

## કર્તા : શ્રી કનકવિજયજી મ.

### (કોયલો પરવત ધૂંધલો રે લો—એ દેશી)

કર જોડી કરું વિનતી રે લો, છાંડી મન અભિમાન રે-**વાલ્હેસર**।
મહેર કરો મુજ ઉપરે રે લો રે
ગિરુઆ ન ધરે [1]ગુમાન રે-**વાલ્હેસર**- રે
**અભિનંદન** અવધારિઇં રે લો....॥૧॥

હું અપરાધી [2]સો પરઇં રે લો,
તુઝ સેવાથી દૂર રે-**વાલ્હેસર**।
જનમ સકલ [3]એલે ગમ્યો રે લો,
નાવ્યો ચરણ હજૂર રે-વાલ્હેસર-અભિનંદન૦...॥૨॥

ચાહ ઘણી ચિત્તમાં હુતી રે લો,
આવવા તુમ્હ પય પાસ રે-**વાલ્હેસર**।
પણિ અંતરાય તણો વશે રે લો,
નવિ પૂગી મન આશ રે-**વાલ્હેસર**-અભિનંદન૦...॥૩॥

તુઝ કીરતિ જગી ઉજલી રે લો,
તઇં સાર્યાં કેઇનાં કાજ રે-વાલ્હેસર।
તોએ સેવક પણિ તારિઇ રે લો,
તુમ્હે છો ગરીબ-નિવાજ રે-વાલ્હેસર-અભિનંદન૦...॥૪॥
પરમ-સનેહી સાહિબા રે લો,
શરણાગત-આધાર રે-વાલ્હેસર।

સુખ સંગતિ નિત પૂરિઈ રે લો,

**કનકવિજય** જયકાર રે-**વાલ્હેસર-**અભિનંદન૦...॥૫॥

---

૧. અભિમાન ૨. ખરેખર ૩. વ્યર્થ-નકામો

## કર્તા : શ્રી રૂચિરવિમલજી મ.

**(ઢાલ-મારુની)**

મોરા પ્રભુ ! હો ! મોરા પ્રાણ-આધાર,
સાર કરજો હો ! પ્રભુજી, માહરી જી ।
સાહિબ મોરા હો સાહિબ મોરા જગત-આધાર,
ચાકર ચાહૈં હો ! સેવા તાહરીજી...॥૧॥

મોટા મહીમાં મહારાજ, મોટા મહીમાં મહારાજ,
કાજ સુધારો હો ! સેવકનાં સહીજી ।
દયા કર હો ! મયા કર ગરીબ-નિવાજ !
રાજ નિવાજો હો ! નિજ બાંહે ગહીજી...॥૨॥

મોહન ! જિનજી મોહન મહી તું જલધાર,
યાચક ચાતક થઈ સેવું સદાજી ।
ચૂરણ દુઃખ હો ! પૂરણ સુખ-ભંડાર,
પામે **અભિનંદન** નામે સંપદાજી...॥૩॥

સોભાગી જિન હો ! શોભા-ગુણના ભંડાર,
અમૃત-વાણી હો ! પ્રભુજી ! મન વસીજી ।
આણી દિલ હો ! આણી પ્રભુ ! પર-ઉપગાર,
જાણી સેવકશું હો ! બોલીજૈ હસીજી...॥૪॥

સનેહી જિન હો ! ભવિક-જન સુખ-દાતાર,
સાર સંસારે હો ! સાહિબ સેવ સેવનાજી ।
**સંવર-સુત** હો ! **સંવર-સુત રૂચિર-આધાર,**
દેવ ન સેવું હો ! અવર, પ્રભુ વિનાજી...॥૫॥

## કર્તા : શ્રી ભાવપ્રભસૂરિ મ.

(રહો રે રહે રે વાલહા-એ દેશી)

**અભિનંદન-ચંદન** નવો, શીતલ સહજ સુવાસ-લાલ રે ।
ગુણ [1]પરિમલઇ મોહી રહ્યા, સુર-નર જેહના દાસ-લાલ રે-અભિ૦॥૧॥

કાલ અનાદિની કામના, વિષય-કષાયની આગિ-લાલ રે ।
એહ [2]શમાવાઇ મૂલથી, જો સેવઇ [3]પય લાગિ-લાલ રે-અભિ૦॥૨॥

[4]જ્ઞાન-દર્શન-ચારિત્ર જલે, સરસ રહે જે સદાય-લાલ રે ।
મધમાખી બેસે નહી, [5]ખરઇ નખેરુ[6] થાય-લાલ રે-અભિ૦॥૩॥

અ-વિનાશી ગુણ એહના, સેવ્યા સુખ એક તાર-લાલ રે ।
જે ભવી ધરમના ભોગીયા, તે ધરઇ **એહશું** પ્યાર-લાલ રે-અભિ૦॥૪॥

જે ટાલે કર્મતાપને, તેહ જ ચંદન શુદ્ધ લાલ રે ।
**શ્રી ભાવપ્રભસૂરિ** કહઇ, જાણે જેહ વિબુધ-લાલ રે-અભિ૦॥૫॥

---

૧. સુગંધથી, ૨. શાંતિ કરે ૩. ચરણે સેવક થઈ ૪. જ્ઞાન, દર્શન, ચારિત્ર, પાણીથી ૫. ઉકરડે ૬. ગમે તેટલી વ્યાકુળ

## કર્તા : શ્રી રતનવિજયજી મ.

**(પાપનું સ્થાનક હો કે, ચૌદમું આકરું-એ દેશી)**

ચોથો જિનપતિ હો ! કે, સેવો ચિત [1]ખરે,
ગુણ-મણિ-દરીયો હો ! કે પરખો [2]શુભ-પરે ।
વંછિત-દાતા હો ! કે, પ્રગટ્યો સુરતરૂ,
મોહન મૂરતિ હો ! કે, રૂપ મનોહરૂ....॥૧॥

સૂરતિ સારી હો ! કે, ભવિ-જન-ચિત્ત-વસી,
મુખ-[3]કજ સોહે હો ! કે, જાણે પૂરણ-શશી ।
લોચન સુભગાં હો ! કે, નિરૂપમ જગધણી,
ભાવે વંદો હો ! કે, પ્રત્યક્ષ સુરમણિ....॥૨॥

જગ-ઉપગારી હો ! કે, જગ-ગુરૂ જગ-ત્રાતા,
જસ ગુણ થુણતાં હો ! કે, ઊપજે અતિ શાતા ।
નામ-મંત્રથી હો ! કે, આપદા સવિ ખસે,
ક્રોધાદિક અજગર હો ! કે, તેહ નવિ ડશે....।।૩।।

પરમેસર પૂરણ હો ! કે, જ્ઞાન–દિવાકરૂ,
ચઉ-ગતિ-ચૂરણ હો ! કે, પાપ-તિમિર-હરૂ ।
સહજ-વિલાસી હો ! કે, અડ-મદ શોષતા,
નિષ્કારણ-વત્સલ હો ! કે, વૈરાગ્ય પોષતા...।।૪।।

[૪]નિજ-ઘન પરમેશ્વર હો ! કે, સ્વ-સંપદ-ભોગી,
પર-ભાવના ત્યાગી હો ! કે, અનુભવ-ગુણ-યોગી ।
અ-લેશી અણાહારી હો ! કે, ક્ષાયિક-ગુણધરા,
અક્ષય અનંતા હો ! કે, અ-વ્યાબાધ વરા...।।૫।।

ચાર નિક્ષેપે હો ! કે, જે નિજ ચિત્ત ધરે,
એ લહી અવલંબન હો ! કે, પંચમ-ગતિ વરે ।
શ્રી **જિન-ઉત્તમ**ની હો કે, સેવા જે કરે,
તે **રતન અમૂલક** હો ! કે, પામે શુભ પરે...।।૬।।

૧. સાચા ૨. સારી રીતે ૩. કમલ ૪. પોતાના સ્વરૂપમાં ઘન = સ્થિર

## કર્તા : શ્રી માણેકમુનિ મ.

### (બીલી રાણીની—એ દેશી)

પ્રભુજી અભિનંદન જિનરાજ !
મોરા પ્રભુજી ! અભિનંદન-જિનરાજ રે ।
હૃદય-કમલમાં તું વસે રે જી રે જી !
પ્રભુજી ! દૂર [1]વસતિ-વાસ-
મોરા પ્રભુ ! દૂર વસતિ-વાસ રે, તુમ નામઇ ચિત્ત ઉલ્લસે-જી રે જી.. ॥૧॥

પ્રભુજી ! જિમ [2]કૈરવ જલવાસ, મોરા ! પ્રભુ ! જિમ કૈરવ૦ રે,
ગયણં ગણ ચંદો રહે-જી રે જી,
પ્રભુજી ! વિકસિત થાય સહેજ મોરા પ્રભુ વિકસંત રે,
દિનકર તાપ દિવસે સહે-જી રે જી....॥૨॥

પ્રભુજી ! જલધર-વાસ આકાશ-મોરા ! પ્રભુ ! જલધર૦ રે,
મોર મહીતલ સંચરે-જી રે જી,
મોરા પ્રભુ ! નિસુણી ગરજત ઘોર મોરા પ્રભુ ! નિસુ૦ રે,
નાચિ નૃત્ય કલા કરે જી-રે જી....॥૩॥

પ્રભુજી ! તુજસ્યું ધરમ સનેહ-મોરા પ્રભુ તુઝ૦ રે,
મેં કીધું... ધસ્યું,–જી રે જી,
પ્રભુજી ! અવર ન ચાહુ ચિત્ત-મોરા પ્રભુ ! અવર ન૦ રે,
તુંહિ જ તુંહિ બુધસ્યું-જી રે જી....॥૪॥

પ્રભુજી ! તું મુજ આતમરામ-મોરા૦ તું મુજ૦ રે,
માહરે ઈક તુમ આસરો-જી રે જી,
પ્રભુજી ! **માણેકમુનિ** અરદાસ-મોરા પ્રભુ ! માણેક૦ રે,
સાહિબજી ચિત્ત મેં ધર્યો-જી રે જી....॥૫॥

---

૧. રહેઠાણ ૨. ચંદ્ર વિકાશી કમલ

## કર્તા : શ્રી દીપવિજયજી મ.

**(સયણાં થઈઇ જી રે-એ દેશી)**

પરમ-નિરંજન પરમ-સનેહી, પરમ પુરુષ શિરતાજ જી રે ।
અનંત-કલાધર જ્ઞાન-દિવાકર, **અભિનંદન** જિનરાજ-
સુગુણ જિન ભજીયે જી રે. ચોથા શ્રી અરિહંત, ભજી **દૂષણ** તજીયે જી રે॥૧॥

ધર્મસિંહ જયંત વિમાને, થઈ સુર ચવી ઉછાહીજી રે ।
જગ-અનુકંપાયે જિન જાયા, પુનર્વસુ રિક્ખ માંહી-સુગુણ૦॥૨॥

નગરી અયોધ્યા રુપ રાજેસર, દેવગણ જોણિ મોઝાર જી રે ।
મિથુન રાશિય દુ તપ અનુસરતા, વિચર્યા વરસ અઢાર-સુગુણ૦....॥૩॥

ધ્યાન અનલ અંગીઠીયેં ઘાતી, કર્મ દારુણ પરજાલજી રે ।
રાજાદની તરૂ હેઠે પાયા, વિમલ નાણ સુ-વિશાલ-સુગુણ૦....॥૪॥

સહસ મુનિશ્યું પ્રભુજી વરીયા, અવિનાશી વધૂ પ્યારીજી ।
**દીપ** કહે આતમ-સિદ્ધિ વિલસે, ચિહૂં ગતિને કરી ન્યારી—સુગુણ૦....॥૫॥

## કર્તા : શ્રી ધર્મકીર્તિગણિ મ.

### (ઢાલ-વિવાહલાની સાસણ દેવી અ પહની)

હિવ અભિનંદણ નયણ-આણંદણ જયંત-વિમાણ થકી ચવીય (૧), અઉજઝ પુરી (૨) સંવર (૩) સિદ્ધત્થા તણય (૪) અંક વાનર (૫) કંચણ છવી સોહે । મિહુણ રાશિઇ (૭) રિખ પુણર્વસુ (૮) જીવિઅ લાખ પચાસ પૂરવ [1]ખટઉ ય (૯) સંભવ-શિવ અભિનંદણ સાગર લાખ દેસ કોડઅ અંતરઉય (૧૦), અંતરઉ જિનતણુઅ [2]ઊઠ ધણુસય ॥૧॥
અઉજઝ પુરી ચારિત્ત લિયઉ (૧૨) છઠ તવ કરી નઇં (૧૩) પુહવિ વિહરઇ ઇંદ્રદત્તિ પારણ દિયઉ

(૧૪) સાકેત કેવલ લચ્છી પામી વિમલ તર સુહ ઝાણિત્તિ

(૧૫) પલ્લવ-વિશાલ પિયાલ નામઇં ચૈત્ય તરુવર જાણિય (૧૬) ॥૨॥

તિગ લખ સાહુ (૧૭) તઇં છગ લખ સાહુણી

ઉપરિ સહસ તીસઇ અહીય (૧૮) સાવય દુગ સહસ અડસીસહિઅ (૧૯)

ઈસર જક્ખ સેવઇ સહીય (૨૦) સાવિઅ લખ પણ સહસ સગવીસય (૨૧)

જક્ખિણી કાલીઅ અતિ ભલીય (૨૨)

ગણહર [3]સોલસહિય ઇગસય જાણિયઇ (૨૩)

મુગતિ સમેતગિરિ સાંભલીય (૨૪)

સાંભલી દિન પ્રતિ ભગતિ જુગતઇ જગત નંદન વંદિયઇ

ચિરકાલના સવિ પાપ નાશઇ સુખ સમાધઇ નંદિયઇ ।

સુરગિરિતણી પરિ સુધીર જિનનઉ ધ્યાન લેહિઅ ડઇ ધરઇ

સુર સુખ પામી તેહ ધામી, ભવ સમુદ્ર લહે લઇં તરઇ ॥૩॥

---

૧. ખરેખર ૨. સાડાત્રણસો ૩. ૧૧૬ ગણધરો

## કર્તા : શ્રી સ્વરૂપચંદજી મ.

(દેશી છીંડીની)

હિમવત ગિરિ [1]સિરિ પદ્મદ્રહથી, સુર [2]તટિની પ્રગટી છે ।
પૂરવ એક દિશિ પાવન કરતી, પૂરણ-જલ ઉમટી છે રે-
-ભાવિકા ! જિનમુખ વાણી સુણજો !
તુમે ત્રિપદીનો વિસ્તાર ગણજો રે—ભાવિકા૦જિન૦॥૧॥

[3]સુર-નદીએ દિશિ ત્રણ ઉવેખી, **અભિનંદન** જિન દેખી ।
ત્રિગડે મધ્ય- સિંહાસન પેખી,
ચિહું દિશિ સરખી લેખી રે—ભાવિકા૦જિન૦॥૨॥

કંચન-તનુ હિમગિરિ મન આણો, મુખ પદ્મદ્રહ જાણો રે ।
ચિહું-મુખે તેહ દ્રહ તટથી વાણી,
ગંગા-પ્રવાહ વખાણો રે-ભવિકા! —ભાવિકા૦જિન૦॥૩॥

પૂર્વાદિ-દિશિ કીધ પવિત્રા, કરવા વચન-વિલાસ ।
નય - ગમ - ભંગ - પ્રમાણ સ-કારણ,
હેતુ આરણ ઉલ્લાસ રે-ભવિકા! —ભાવિકા૦જિન૦॥૪॥

ચઉ-ગતિ-વારણ શિવ-સુખ-કારણ, જાણી સુર-નર તરિયા ।
ભાવ-કલોલમાં સ્નાન રમણતાં,
કરતાં ભવ-જલ તરીઆ રે—ભવિકા ! —ભાવિકા૦જિન૦॥૫॥

તે જિન-વાણી અમીય-સમાણી, પરમાનંદ-નિશાની ।
**સૌભાગ્યચંદ્ર**-વચનથી જાણી, **સ્વરૂપચંદ્ર** મન આણી રે—ભાવિકા૦જિન૦॥૬॥

## કર્તા : શ્રી ગુણવિલાસજી મ.

(રાગ-કાફી)

તારો મોહે સ્વામી, શરન તિહારે આયો ।
કાલ અનંતાનંત ભમતે, અબ મેં દરિશન પાયો—તારો૦....॥૧॥

તુમ શિવદાયક સબ ગુણ-જ્ઞાયક, તારક બિરુદ ધરાયો ।
લાયક જાની આણી મન ભાવન, પાયકમલ ચિત લાયો—તારો૦....॥૨॥

તુમ હો નિરંજન જન-મન-રંજન, ખંજન નેન સુહાયો ।
**ગુણવિલાસ** પ્રભુ જિન **અભિનંદન**, વંદનકો લલચાયો—તારો૦...॥૩॥

## કર્તા : શ્રી જગજીવનજી મ.

### (ઢાલ બારમાસ સુરતીની)

**અભિનંદન** જગવંદન, જનતારક જિનરાજ ।
**એકણ**-ચિત્તે આરાધતા, દાયક શિવસુખરાજ...॥૧॥
જ્ઞાયક લાયક અનંતગુણ, ધ્યાયક જગજસ ઝાણ ।
ધરમ ધારક અઘ-વારક, ઠારક અમૃત વાણ...॥૨॥
[૧]આશ્રવ-રુપ અનાદિનો, જિન [૨]જીપક [૩]ભડ જેહ ।
નાણ નિર્મલ-ખડ્ગે કરી, દુર્જન કીઓ સબ દૂરિ...॥૩॥
તું પ્રભુ ! તાત જગતતણો, ભયવારક ભગવાન ।
મિથ્યાત-તિમિર-નિવારણો, તારણો નાવ-સમાન...॥૪॥
અનંત ગુણાતમ જ્ઞાનનો, ભરિયો રયણ-નિધાન ।
**જગજીવન** કરુણા કરી, નાથ ! દ્યો નિરમલ નાણ...॥૫॥

---

૧. આશ્રવરૂપ દુર્જન (ચોથા પદમાં છે) ૨. જિતાડનાર ૩. શૂરવીર

## કર્તા : શ્રી જિનહર્ષજી મ.

### (રાગ-નટ્ટ)

મેરો પ્રભુ ! સેવકકું સુખકારી । જાકે દરશને વાંછિત લહીયે
સો કૈસે દીજે વારી—મેરો૦....॥૧॥
હૃદયે ધરીયે સેવા કરીયે, પરિહરી માયા [૧]મતવારી ।
તું ભવ-દુઃખ-સાયરથી તારે, પરમાતમ આતમ-ઉપકારી-મેરો૦.....॥૨॥
એસો પ્રભુ તજી ઓર ભજે જો, કાચ ભજે સો હી મણિ હારી ।
અભિનંદન **જિનહર્ષ** ચરણ ગ્રહી, ખરી કરી મનસેં એક-તારી—મેરો૦.....॥૩॥

## કર્તા : શ્રી યશોવિજયજી મ.

(રાગ-નટ્ટ)

પ્રભુ ! તેરે નયનકી હું બલિહારી ।
[1]યાકી શોભા-વિજિત તપસ્યા, કમલ કરતુ હૈ જલચારી ।
વિધુકે શરણ ગયો મુખ-સરિખે, વનથે ગગન હરિણ હારી–પ્રભુ૦ ॥૧॥
[2]સહજ હી અંજન મંજુલ નિરખત, ખંજન ગર્વ દીયો દારી ।
છીન લહી હિ ચકોરકી શોભા, અગ્નિ ભખે સો દુઃખ ભારી–પ્રભુ૦ ॥૨॥
[3]ચંચલતા ગુણ લીયો મીનકો, અલિ જ્યું તારા હે કારી ।
કહું સુભગતા કેતી ઇનકી ? મોહે સબ હી અમરનારી–પ્રભુ૦ ॥૩॥
[4]ઘૂમત હે સમતા-રસ-માતે, જૈસે ગજ ભર-મદવારી ।
તીન ભુવનમાં નહીં કોઇનકો, **અભિનંદન** જિન અનુકારી–પ્રભુ૦ ॥૪॥
મેરે મન તો તું હી રૂચત હે, [5]પરે કુણ ! પરકે લારી ।
તેરે નયનકી મેરે નયનમેં, **જશ** કહે દીયો છબી [6]અવતારી–પ્રભુ૦ ॥૫॥

---

૧. જેમનાં નેત્રોની શોભાથી જિતાયેલ કમળ પાણીમાં રહીને તપસ્યા કરે છે, વળી પ્રભુનાં નેત્રોની શોભાથી હાર પામેલ હરણ જંગલમાંથી પ્રભુના મુખ જેવા ચંદ્રના શરણે આકાશમાં ગયો (૧લી ગાથાનો અર્થ) ૨. સ્વાભાવિક રીતે જાણે અંજન આંજેલા સુંદર પ્રભુજીનાં નેત્રો જોઈ ખંજન પક્ષીએ પોતાની સુંદર આંખોનો ગર્વ ખોઈ નાખ્યો. તેમ જ પ્રભુનાં નેત્રોની શોભા જોઈ ચકોર પક્ષી પોતાની હાર કબૂલી ભારે દુઃખથી અંગારાનું ભક્ષણ કરે છે. (બીજી ગાથાનો અર્થ) ૩. માછલીની ચંચળતાનો ગુણ પ્રભુનાં નેત્રોએ લીધો, અને ભમરાની જેમ કીકી કાળી છે. પ્રભુનાં નેત્રોની સુભગતાનાં કેટલાં વખાણ કરું ? (ત્રીજી ગાથાનો અર્થ) ૪. મદમસ્ત બનેલ હાથીની જેમ સમતા રસથી પુષ્ટ પ્રભુની આંખો ઘૂમી રહી છે. ત્રણ ભવનમાં શ્રી અભિનંદન પ્રભુને બરાબર કોઈ નથી જાણે આ વાત ઘોળાતી આંખો કહી રહી છે. (ચોથી ગાથાનો અર્થ) ૫. બીજાની પાછળ કોણ પડે ? (પાંચમી ગાથાની બીજી લીટીનો અર્થ) ૬. ઉતારી

## કર્તા : શ્રી યશોવિજયજી મ.

### (પાસજી મુને નૂઠા-એ દેશી)

સમવસરણ જિનરાજ વિરાજે,
ચઉતીસ અતિશય છાજે-રે જિનવર જયકારી ।
પાંત્રીસ ગુણ વાણીઇં ગાજે, ભવિ-મન સંશય ભાજે રે–જિન૦.॥૧॥

બાર પર્ષદા આગળ ભાખે, તત્ત્વ-રુચિ ફલ ચાખે રે–જિન૦
કાર્ય-કારણ નિશ્ચય-વ્યવહાર, ભાખ્યા જિનપતિ સાર રે–જિન૦.॥૨॥

ગણધરકું ત્રિપદી વલી દાખી, સાધન શિક્ષા ભાખી રે–જિન૦
પુદ્ગલ-ભાવથી રાગ ઉતારો, નિજ આતમને તારો રે–જિન૦.॥૩॥

સંવર સુત ઇમ દેશના દીધી, સંઘ ચતુર્વિધે પીધી રે–જિન૦
અનુક્રમે વિચરી પોહતા સ્વામી, **સમેતશિખર** ગુણ ધામે રે–જિન૦. ॥૪॥

સકલ પ્રદેશનો ઘન તિહાં કીધો, શિવ-વધૂનો સુખ લીધો રે–જિન૦
પૂર્ણાનંદ-પદને પ્રભુ વરિયા, અનંત ગુણે કરી ભરિયા રે–જિન૦.॥૫॥

એહવા અભિનંદન જિન ધ્યાઉં, જિમ શિવસુખને પાઉં રે–જિન૦
જશવિજય ગુરુ મનમાં લાવો, સેવક શુભ ફલ પાવો રે–જિન૦.॥૬॥


# શ્રી અભિનંદન સ્વામીની થોય

## શ્રી પદ્મવિજયજી કૃત થોય

સંવર સુત સાચો, જાસ સ્યાદ્વાદ વાચો,
થયો હીરો જાચો, મોહને દેઈ તમાચો;
પ્રભુ ગુણ ગણ માચો, એહને ધ્યાને રાચો,
જિન પદ સુખ સાચો, ભવ્ય પ્રાણી નિકાચો.

## શ્રી વીરવિજયજી કૃત થોય

અભિનંદન ગુણ માલિકા, ગાવંતી અમરાલીકા;
કુમતકી પરજાલીકા, શિવ વહુ વર માલિકા;
લગે ધ્યાનકી તાલિકા, આગમની પરનાલિકા;
ઈશ્વરો સુર બાલિકા, વીર નમે નિત્ય કાલિકા



# અમૃત કણ

- જિન ભક્તિએ જે ન સીધ્યું, તે બીજા કશાથી ન સીઝે.
- અરિહંત મળ્યા પછી અરિહંતની કદર કેટલી એમની પાછળ ઘેલા થઈ જઈએ ખરા ?
- "નિગોદમાંથી અહીં સુધી ઉંચે આવ્યા એ અરિહંતની કૃપાથી" આ ભાવથી ભગવંત પરનો કૃતજ્ઞત્તા ભાવ જીવંત રાખો.
- જૈનધર્મનું ભવાંતરમાં રિઝર્વેશન કરાવવું હોય તો અરિહંતની પાછળ પાગલ બની જાવ.
- પરમાત્માની વંદનામાં એકાકારતા એ મહાયોગ છે.

**ન્યાયવિશારદ, વર્ધમાન તપોનિધિ પૂજયપાદ આચાર્ય**
**શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ**

# શ્રી અભિનંદન સ્વામીની જીવન ઝલક

| | | | |
|---|---|---|---|
| પિતાનું નામ | : સબર રાજા | માતાનું નામ | : સિધ્ધાર્થા |
| જન્મ સ્થળ | : અયોધ્યા | જન્મ નક્ષત્ર | : પુનર્વસુ |
| જન્મ રાશી | : મીથુન | આયુનું પ્રમાણ | : ૫૦ લાખ પૂર્વ |
| શરીરનું માપ | : ૩૫૦ ધનુષ | શરીરનું વર્ણ | : સુવર્ણવર્ણ |
| પાણિ ગ્રહણ | : વિવાહીત | કેટલા સાથે દીક્ષા | : ૧,૦૦૦ સાધુ |
| છદમસ્થ કાળ | : ૧૮ વર્ષ | દીક્ષા વૃક્ષ | : પ્રીચંગુ વૃક્ષ |
| ગણધર સંખ્યા | : ૧૧૬ | [illegible] | [illegible] |
| સાધુઓની સંખ્યા | : ૩,૦૦,૦૦[illegible] | [illegible] | [illegible]૦૦ |
| શ્રાવકની સંખ્યા | : ૨,૮૮,૦૦૦ | [illegible] | [illegible]૦૦ |
| અધિષ્ઠાયક યક્ષ | : નાયક યક્ષ | [illegible] | [illegible] |
| પ્રથમ ગણધરનું નામ | : વૃજાનાભ | પ્રથમ આર્યાનું નામ | : અજીતા |
| મોક્ષ આસન | : કાર્યોત્સર્ગ | ભવ સંખ્યા | : ત્રણ ભવ |
| ચ્યવન કલ્યાણક | : વૈશાખ સુદિ ૪ | જન્મ કલ્યાણક | : માગસર સુદિ ૨ |
| દીક્ષા કલ્યાણક | : માગસર સુદિ ૧૨ | કેવલજ્ઞાન કલ્યાણક | : પોષ સુદિ ૧૪ |
| મોક્ષ કલ્યાણક | : વૈશાખ સુદિ ૮ | મોક્ષ સ્થાન | : સમેતશિખર |

મુદ્રક : રોનક ઓફસેટ - અમદાવાદ. ફોન : ૦૭૯-૬૬૦૩૯૦૩